# પ્રકરણ ૧

# લોકપ્રિય : સંજ્ઞા વિભાવના

# પ્રકરણ : ૧ : લોકપ્રિયની સંજ્ઞા વિભાવના

## ૧.૧ : શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં લોકપ્રિય વિભાવનાની સમજ

'લોકપ્રિય' સંજ્ઞાને સ્પષ્ટતાથી સમજી શકાય તેવો ક્રમ અહીં રહેલ છે. સૌથી પહેલા લોકપ્રિયની પર્યાયવાચી, તેમજ લોકપ્રિય શબ્દ સાથે સંકળાયેલી અન્ય કેટલીક સંજ્ઞાની વિવિધ શબ્દકોશમાં કેવી રીતે સમજ આપવામાં આવી છે, તે જોઈએઃ

લોકપ્રિયઃ લોકોમાં આદર પામેલું, લોકોને, જેને માટે ચાહ હોય તેવું.

લોકપ્રિયતાઃ લોકપ્રિય હોવાપણું, લોકોનો ચાહ

લોક પ્રેમીઃ લોકોના તરફ પ્રેમ રાખનારું

લોકપ્રસિદ્ધઃ જનતામાં જાહેર થયેલું, જગપ્રસિદ્ધ

લોકપ્રચલિતઃ જનતામાં ફેલાઈ ગયેલું[૧]

લોકપ્રિયઃ લોકોમાં આદર પામેલું, લોકોને જેને માટે ચાહ હોય તેવું, લોકોને પ્રિય[૨]

લોકપ્રિયઃ જનસમુદાયમાં જેણે પ્રેમ ઉત્પન્ન કરેલ હોય તેવું; જનપ્રિય; લોકોને વહાલું; લોકોને પ્રિય

લોકપ્રિયતાઃ લોકોમાં પ્રિય હોવાપણું; પ્રખ્યાતિ; જગપ્રસિદ્ધિ

લોકભોગ્યઃ આમ લોકોને રસ પડે તેવું, જગ સમસ્તને ભોગવવા લાયક; સાર્વજનિક; સામાન્ય;[૩]

લોકપ્રિયઃ લોકોને પ્રિય; લોકોમાં આદર પામેલું.

લોકભોગ્યઃ આમ લોકોને રસ પડે એવું.

લોકપ્રસિદ્ધઃ જગમશહૂર

લોકમાન્યઃ લોકોમાં માન પામેલું; લોકોએ સ્વીકારેલું.[૪]

ઉપરોક્ત સંદર્ભોમાં લોકપ્રિય શબ્દ તેમજ તેને અનુરૂપ અન્ય શબ્દોના જે પણ અર્થ દર્શાવવામાં આવ્યા છે તેમાં લોકો અને તેમની પસંદ (ચાહના) એ મુખ્ય બાબત જણાય છે. લોકપ્રિય સંજ્ઞા જ્યારે સાહિત્ય સાથે જોડાય છે ત્યારે લોકોને પસંદ પડે તેવું સાહિત્યનું સર્જન થાય. તેવી ફરજ

લોકપ્રિય સાહિત્યના લખનાર સર્જકને નિભાવવી પડે છે. લોકોને આનંદ આપવો, તેમને મનોરંજન પૂરું પાડવું, વગેરે જેવી બાબતો કેન્દ્રમાં રાખી આ સાહિત્યનું સર્જન થાય છે.

આ ઉપરાંત લોકભોગ્ય, લોકાભિમુખ, લોકપ્રસિદ્ધ, વગેરે જેવી સંજ્ઞાઓ લોકપ્રિય સંજ્ઞાની અવેજીમાં વાપરી શકાય તેવી સંજ્ઞા છે અને આ દરેક સંજ્ઞાની સમજમાં લોકોની ચાહના મુખ્ય છે. તેથી સૌથી પહેલી લાક્ષણિકતા લોકપ્રિયતાની કે લોકપ્રિય સાહિત્યની એ કહી શકાય કે આ પ્રકારનું સાહિત્ય લોકોને પસંદ આવવું જોઈએ.

લોકપ્રિય તેમ જ આ શબ્દ સાથે સંકળાયેલ અથવા તેની અવેજીમાં વપરાતી અન્ય સંજ્ઞાની હિન્દી શબ્દકોશમાં તેમજ જ્ઞાનકોશમાં આપેલ અર્થવિસ્તાર જોઈએ :

लोक प्रसिद्ध : लोक में विख्यात

लोकप्रिय : जनसाधारण में पसंद आनेवाला

लोक प्रियता : लोकप्रिय होने का भाव[५]

અનુવાદ :

લોકપ્રસિદ્ધ : લોકમાં પ્રખ્યાત.

લોકપ્રિય : આમ લોકોને પસંદ આવે તેવુ.

લોકપ્રિયતા : લોકોને પ્રિય હોવાનો ભાવ.

लोकप्रसिद्ध : सब पर प्रकट ! लोगों में ख्यात ।[६]

અનુવાદ : લોકપ્રસિદ્ધઃ સર્વ પર પ્રગટ ! લોકોમાં પ્રખ્યાત.

- **<u>लोकप्रिय साहित्य :</u>**

लोकप्रिय साहित्य 'Popular Literature' के अंतर्गत ऐसा साहित्य आता है जो मूलतः जन साधारण के मनोरंजन के लिए लिखा जाता है । इसका उद्देश्य एक बड़े पाठक वर्ग तक पहुंचना होता है । उसे कलात्मक साहित्य या अंग्रेजी मुहावरे में उच्च-भ्रू साहित्य सें इस अर्थ में अलगाया जाता है कि इसकी संरचना और इसका प्राथमिक उद्देश्य केवल पाठक का दिल बहलाना होता है और अपनी निर्मिती में यह साहित्य के सौंदर्यशास्त्रीय

बोध और उच्च मानकों की अधिक चिंता नहीं करता । इस में स्थायित्व के गुण नहीं होते । आधुनिक 'बेस्ट सेलर' भावुकता से ओतप्रोत, रुमानी कथाओं, जासूसी, रोमांचक, भूत-प्रेत सें जुड़े किस्सों का संसार, राजनीतिक अपराध कथाओं, भंडाफोड़, सनसनीखेज वृतांतो, कोमिक्स और साहसिक एडवेंचर गाथाओं की आधुनिक समय में लोकप्रिय साहित्य की श्रेणी में रखा जा सकता है । इस तरह के लोकप्रिय साहित्य से परंपरागत लोक कथा-लोक गीत या लोकसाहित्य इस अर्थ में भिन्न है कि लोक साहित्य का संबंध मौखिक परंपरा, वास्तविक जीवन और समाज के प्रति संवेदनशीलता से होता है ।

आधुनिक समय में व्यापक खपत के लिए तैयार किए जा रहे लोकप्रिय साहित्य की यह विशेषता है कि यह मूलतः साधारण  साक्षर पाठक वर्ग के लिए लिखा जाता है या फिर टेलीविजन या सिनेमा के लिए तैयार किया जाता है ।

सभी प्राचीन सभ्यताओं के भंडार में जन मानस को लुभानेवाली जनश्रुति आधारित पूराकथाएं प्रचुर मात्रा में है । संभवतः हिंदी कथाओं में आज के लोकप्रिय साहित्य के बीज छिपे हुए हैं । मुद्रण कला के आगमन के बाद इन कथाओं की विषयवस्तु में अनेक परिवर्तन हुए, उदाहरण के लिए - आज विज्ञान और तकनीक के युग में वैज्ञानिक कथाएं (साइंस फिक्शन) जनमानस में खूब लोकप्रिय है । दूसरे नक्षत्र से पृथ्वी पर आने वाले 'अजनबी' प्राणियों से जुड़े कौतूहल और स्वैरकल्पना पर आधारित किस्से, युद्ध और प्राकृतिक आपदाओं तथा विराट त्रासदियों के किस्से भी जनता में खूब लोकप्रिय हुए हैं । लोकप्रिय साहित्य के ऐसे अनेक लेखक आज संसार भर में घर-घर में पढ़े जाते हैं । अठारहवीं सदी में ऐसे 'साइंस फिक्शन' की कल्पना असंभव थी । इसी तरह आधुनिक अमेरिका की खोज और नए भू-भगों से जुड़ी लोकप्रिय 'काउबॉय' और 'वेस्टर्न' श्रेणी की साहस कथाओं का आविर्भाव भी एक ऐतिहासिक परिप्रेक्ष्य में जुड़ा हुआ है । आधुनिक युग में संसार भर में जो विशाल जन समुदाय मनबदलाव और वक्त काटने के लिए लोकप्रिय साहित्य का रस लेता है, उसकी तथाकथित स्तरीय साहित्य और उसमें निहित नियति और अस्तित्व से जुड़ी गहन दार्शनिक विवेचनाओं में न कोई रुचि होती है और न वह इस बात की अधिक परवाह करता है । आधुनिक समय में स्तरीय साहित्य और लोकप्रिय साहित्य दो अलग-अलग श्रेणियां बन रह गई है ।

इंसाइक्लोपीडिया ब्रिटानिका के अनुसार, 'वैसा साहित्य लोकप्रिय साहित्य के अंतर्गत आता है, जो जनसमूह के लिए अभीष्ट हो और बड़े पाठक समूह द्वारा समर्थित हो । यह कलात्मक साहित्य से इस अर्थ में पृथक होता है कि इसका निर्माण प्राथमिक रूप से मनोरंजन के लिए होता है।' जनसमूह में स्वीकृति, ग्राह्यता अथवा प्रचलन को निर्धारित करने का कोई निश्चित फॉर्मूला नहीं है । बाजार में बिक्री प्रतियों की संख्या इसका

आधार हो सकती है। लोकप्रिय साहित्य के रचनाकार और प्रकाशक इस बिक्री की संख्या को एकमात्र आधार समझते हैं, क्योंकि इस साहित्य का मुख्य उद्देश्य लाभकारी विनिमय है। ऐसा नहीं है कि शिष्ट या क्लासिक साहित्य बिक्री की संभावना को एकदम नकार देता है, परंतु उसकी रचना का एकमात्र उद्देश्य बिक्री नहीं है।

उत्तर-आधुनिक सांस्कृतिक विमर्शों ने लोकप्रिय साहित्य पर नए सिरे से विचार किया है। उनके अनुसार, लोकप्रिय साहित्य ने ज्ञान की केंद्रीयता को तोड़ा और सार्वभौमिक-समग्रतावादी सत्यों को नकारा। इस नवीन दृष्टि ने इस पर बल दिया कि लोकप्रिय साहित्य के पाठक सभी वर्ग के लोग हैं। अतः इतने बड़े पाठक समुदाय की उपेक्षा नहीं की जा सकती।

लोकप्रिय साहित्य को लुगदी और घटिया साहित्य (Pulp Cheap Literature) भी कहा जाता है। लोकप्रिय साहित्य प्रकाशित करने वाला जनता की अपेक्षाओं को ध्यान में रखता है कि वह क्या पढ़ेगी, क्या खरीदेगी। वह बाजार में क्या बिक सकता है, इसकी ओर ध्यान लगता है, न कि जनता के चित्त का परिष्कार, मूल्यों का निर्माण उसका उद्देश्य होता है। लोकप्रिय साहित्य बाजार के नियमों से उत्पादित साहित्य है। यह अधिकांशतः जनता की रुचि को विकृत करता है, निम्नतम वृत्तियों के पोषण का माध्यम बनता है, इसलिए यह सतही और व्यावसायिक साहित्य माना जाता है। जब जनता में शिक्षा और समझ का विकास हुआ तो एक ऐसा पाठक वर्ग उभरा, जो घटिया साहित्य का पक्षपाती नहीं था, परंतु वह गंभीर साहित्य का पाठक भी नहीं था। वह सरल भाषा में ऐसा साहित्य चाहने लगा, जिससे उसका मनोरंजन हो और जीवन की समस्याओं का सामना भी। इस तरह नया लोकप्रिय साहित्य आया, बेस्टसेलर की धारणा आई। भारत में अमीष त्रिपाठी, चेतन भगत, शोभा डे आदि ने जो अपना स्थान बनाया है, वह इस नवीन प्रवृत्ति का विकास है। विश्व स्तर पर लोकप्रिय साहित्य के लेखकों की भरमार है। यह गंभीर साहित्य की तरह ही एक वास्तविकता है।

स्तरीय साहित्य के रचयिता और पाठक दोनों का संबंध समाज के ऐसे वर्ग से है जिसका मानस और साहित्यिक संस्कार उन्नत होता है। स्तरीय और लोकप्रिय साहित्य में अनिवार्य अंतर्विरोध नहीं है, अन्यथा ताल्स्ताय, गोर्की, ब्रेख्त, रवींद्रनाथ, प्रेमचंद, नागार्जुन, फेज अहमद फेज, पाब्लो नेरूदा, गार्सिया ग्रेब्रियल मार्क्वेज आदि का साहित्य एक साथ स्तरीय और लोकप्रिय कैसे होता।[૭]

ઉપર્યુક્ત હિન્દી સાહિત્ય જ્ઞાનકોશ-૬ માં આપેલ લોકપ્રિય સાહિત્ય વિષયક સમજ પ્રમાણે : લોકપ્રિય સાહિત્ય 'Popular Literature'ની અંતર્ગત એવું સાહિત્ય છે કે જે મૂળ રીતે સામાન્ય લોકોના મનોરંજન માટે લખાય છે. તેનો ઉદ્દેશ્ય એક બહોળા વાચકવર્ગ સુધી પહોંચવાનો હોય છે.

તેને કલાત્મક સાહિત્યમાં ઉચ્ચસ્તરના સાહિત્યથી અલગ મૂકવામાં આવે છે. કેમ કે, તેની સંરચના અને તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય ફક્ત વાચકના મનોરંજન માટે હોય છે અને તે પોતાના સાહિત્ય નિર્માણ વખતે સૌંદર્યશાસ્ત્રીય બોધ અને ઊંચી માન્યતાઓ રાખનારની વધુ ચિંતા નથી કરતા. તેમાં સ્થાયિત્વનો ગુણ નથી હોતો. આધુનિક બેસ્ટ સેલર ભાવનાથી ઓતપ્રોત, રૂમાની કથાનો સંસાર, રાજનૈતિક અપરાધ કથાઓ, રહસ્યમય ઘટનાઓ, સનસનીખેજ વૃતાંતો, કોમિક્સ અને સાહસિક એડવેન્ચર ગાથાઓને આધુનિક સમયમાં લોકપ્રિય સાહિત્યની શ્રેણીમાં રાખવામાં આવે છે. આ પ્રકારના લોકપ્રિય સાહિત્યથી પરંપરાગત લોકકથા-લોકગીત કે લોકસાહિત્ય એ અર્થમાં જુદા છે કે લોકસાહિત્યનો સંબંધ મૌખિક પરંપરા, વાસ્તવિક જીવન અને સમાજ પ્રતિ સંવેદનશીલતાથી થાય છે.

આધુનિક સમયમાં વ્યાપક માંગ માટે તૈયાર કરવામાં આવતા લોકપ્રિય સાહિત્યની વિશેષતા એ છે કે મોટા ભાગે સાધારણ સાક્ષર વાચક વર્ગ માટે લખવામાં આવે છે અથવા તો ટેલિવિઝન કે સિનેમા માટે તૈયાર કરવામાં આવે છે.

બધી પ્રાચીન સભ્યતાઓના ભંડારમાં લોકોના મનને લોભાવતી જનશ્રુતિ આધારિત પુરાકથાઓ પ્રચુર માત્રામાં છે. સંભવતઃ આ જ કથાઓમાં આજના લોકપ્રિય સાહિત્યના બીજ છુપાયેલા છે. મુદ્રણકળાના આગમન પછી કથાઓની વિષયવસ્તુમાં અનેક પરિવર્તન થયા. ઉદાહરણ તરીકે આજે વિજ્ઞાન અને તકનીકી યુગમાં વૈજ્ઞાનિક કથાઓ (સાયન્સ ફિક્શન) જનસમાજમાં ખૂબ લોકપ્રિય છે. બીજા ગ્રહો પરથી પૃથ્વી પર આવનારા 'અજનબી' પ્રાણીઓથી જોડાયેલ કૌતુહલ અને સ્વૈરકલ્પના પર આધારિત ઘટનાઓ, યુદ્ધ અને પ્રાકૃતિક મુશ્કેલીઓ તથા મોટા ત્રાસવાદીઓની ઘટનાઓ પણ જગતમાં ખૂબ લોકપ્રિય થયા છે. લોકપ્રિય સાહિત્યના આવા અનેક લેખક આજે આખા સંસારમાં ઘેર-ઘેર વંચાય છે. અઢારમી સદીમાં આવા 'સાયન્સ ફિક્શન'ની કલ્પના અસંભવ હતી. એવી જ રીતે આધુનિક અમેરિકાની શોધ અને 'વેસ્ટન' શ્રેણીની સાહસકથાઓની આવિર્ભાવ પણ એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી જોડાયેલ છે. આધુનિક યુગમાં આખાય સંસારમાં જે વિશાળ સમુદાય મન બહેલાવવા અને સમય પસાર કરવા લોકપ્રિય સાહિત્યમાં રસ લે છે એમની તથાકથિત સ્તરીય સાહિત્ય અને એમાં નિરૂપિત નિયતિ તથા અસ્તિત્વથી જોડાયેલા ગહન દાર્શનિક વિવેચનામાં ન કોઇ રૂચિ હોય છે કે ના તો તે આ બાબતે વધારે ચિંતા કરે છે. આધુનિક સમયમાં સ્તરીય સાહિત્ય અને લોકપ્રિય સાહિત્યની અલગ-અલગ શ્રેણીઓ બનીને રહી ગઈ છે.

એનસાયક્લોપીડિયા બ્રિટાનિકા અનુસાર, એવું સાહિત્ય લોક સાહિત્યની અંતર્ગત આવે છે જે જનસમૂહ માટે અભીષ્ટ હોય અને મોટા વાચક વર્ગ દ્વારા સમર્થિત થયું હોય. આ કલાત્મક સાહિત્ય એ અર્થમાં પૃથક હોય છે કે તેનું નિર્માણ પ્રાથમિક રીતે મનોરંજન માટે થાય. જનસમૂહમાં સ્વીકૃતિ, ગ્રાહ્યતા અથવા પ્રચલન પર નિર્ધારિત કરવાની કોઈ નિશ્ચિત ફોર્મુલા નથી. બજારમાં ખરીદનારની સંખ્યા તેનો આધાર હોઈ શકે છે. લોકપ્રિય સાહિત્યના રચનાકાર અને પ્રકાશક ખરીદનારની સંખ્યાને એકમાત્ર આધાર સમજે છે, કેમકે આ સાહિત્યનું મુખ્ય ઉદ્દેશ લાભકારી વિનિમય હોય છે. એવું નથી કે, શિષ્ટ કે ક્લાસિક સાહિત્ય વેચાણની સંભાવનાઓને સાવ નકારી દે છે, પરંતુ એમની રચનાનો એક માત્ર ઉદ્દેશ વેચાણ નથી.

ઉત્તર-આધુનિક સાંસ્કૃતિક વિમર્શોએ લોકપ્રિય સાહિત્ય પર નવી રીતે વિચાર કર્યો છે. તેના અનુસાર, લોકપ્રિય સાહિત્ય એ જ્ઞાન કેન્દ્રને તોડ્યા અને સાર્વભૌમિક સમગ્રતાવાદી સત્યોને નકાર્યા. આ નવીન દૃષ્ટિએ એ રીતે બળ આપ્યું કે બધા જ વર્ગના લોકો લોકપ્રિય સાહિત્યના વાચક બન્યા છે. છેવટે આટલા મોટા વાચક સમુદાયની ઉપેક્ષા કરી શકાતી નથી.

લોકપ્રિય સાહિત્યને ક્ષુલ્લક પ્રકારનું સાહિત્ય (Pulp Cheap Literature) પણ કહેવામાં આવે છે. લોકપ્રિય સાહિત્ય પ્રકાશિત કરનાર જનતાની અપેક્ષાઓને ધ્યાનમાં રાખે છે કે એ શું વાંચશે. શું ખરીદશે. એ બજારમાં શું વેચાઈ રહ્યું છે એ બાબતનું ધ્યાન રાખે છે. ચેતોવિસ્તાર કે તેના મૂલ્યોના નિર્માણનો તેનો ઉદ્દેશ્ય હોતો નથી. લોકપ્રિય સાહિત્ય બજારના નિયમોને ધ્યાનમાં રાખીને બને છે. તે ઘણીવાર જનતાની રુચિને વિકૃત કરે છે, નિમ્ન વૃત્તિઓના પોષણનું માધ્યમ બને છે. એટલે તેને હંમેશાં વ્યવસાયિક સાહિત્ય માનવામાં આવે છે. જ્યારે જનતામાં માનસિકતા શિક્ષા અને સમાજનો વિકાસ થયો, તો એક એવો વાચકવર્ગ ઊભરાયો, જે નિમ્ન કક્ષાના સાહિત્યનો પક્ષપાતી નથી, પરંતુ એ ગંભીર સાહિત્યનો વાચક પણ નથી. સરળ ભાષામાં કહીએ તો એવા સાહિત્યની ચાહના રાખવા લાગ્યો, જેનાથી તેનું મનોરંજન થાય અને જીવનની સમસ્યાઓનો સામનો પણ થાય. આ રીતે નવું લોકપ્રિય સાહિત્ય આવ્યું, બેસ્ટસેલરની ધારણા આવી. ભારતમાં અમીષ ત્રિપાઠી, ચેતન ભગત, શોભા ડે વગેરે જેવા લોકોએ જે પોતાનું સ્થાન બનાવ્યું છે એ આ નવીન પ્રવૃત્તિનો વિકાસ છે. વિશ્વસ્તર પર લોકપ્રિય સાહિત્યના લેખકોની ભરમાર છે. આ ગંભીર સાહિત્યની જેમ એક વાસ્તવિકતા છે.

સ્તરીય સાહિત્યના રચયિતા અને વાચક બંનેનો સંબંધ સમાજના એવા વર્ગ સાથે છે, જેનું માનસ અને સાહિત્યિક સંસ્કાર ઉન્નત હોય. સ્તરીય અને લોકપ્રિય સાહિત્યમાં અનિવાર્ય અંતરવિરોધ નથી. જો એમ હોય તો ટોલ્સ્ટોય, રવિન્દ્રનાથ, પ્રેમચંદ, નાગાર્જુન, ફૈજ અહમદ ફૈજ, પાબ્લો નેરુદા, ગાર્સિયા ગ્રેબિયલ માર્ક્વેજ, વગેરેનું સાહિત્ય એક સાથે સ્તરીય અને લોકપ્રિય કેવી રીતે હોત...!

- Pop.u.lar (Pop-yu-lar) : 1. Liked or enjoyed by many people, 2. Of or for the general public, 3, (of a belief etc.) held by many people, Popular superstitions[૮]
- Popularize : 1. To make generally liked, 2. To make generally known, to present (a subject etc.) so that it can be understood by ordinary people[૯]
- Pop-yu-lar : 1. Pertaining to the people at large: Popular demonstrations or government 2. Widely approved or admired: a popular officer 3. Suitable for the common people easily comprehended: popular lectures. 4. Prevalent among the people: popular errors 5. Suited to the means of the people: popular prices 6. Used by the people; Current; colloquial; said also of many words on the borderline between slang and reputable usage[૧૦]
- Popular : 1. Liked or admired by many people 2. Of for, or prevalent among the general public.[૧૧]

- **Popular :**

1 Prevalent or current among the general public; commonly known, general. 2 Law. Affecting, concerning, or open to the people; public. Now rare or obs. LME. 3 (a) Of, pertaining to, or consisting of ordinary people, or the people as a whole; constituted or carried on by the people. 3 (b) Of or belonging to the commonalty or populace; plebeian; vulgar. 4 Full of people; populous; crowded. 5 Intended for or suited to the taste or means of ordinary people; adapted to the understanding of lay people as opp. to specialists. 6 Aware of

or cultivating the favour of the common people; supporting the cause of the common people. 7 (a) Favoured or admired by the people or by a particular group of people; pleasing, liked. 7 (b) Designating froms of art, music, or other culture which appeal to or are favoured by many people; intended primarily to please, amuse, or entertain[૧૨]

Popularity : 1 Popular or democratic government; the principle of this. 2 The action or practice of cultivating popular favour. 3 The fact or condition of being favoured, beloved, or admired by the people, or by a particular group of people. 4 POPULACE. 5 Populousness; density of population.[૧૩]

Popularize : 1 Act popularly; court popular favour. rare. 2 Make popular; (a) cause to be generally known, liked, or admired; (b) make (esp. something technical or scientific) intelligible or attractive to a wide or wider audience.[૧૪]

Popular : 4. Wide speared among many, 5. Suited to the people.[૧૫]

Popularity : the fact or condition of being liked by most of the people.[૧૬]

Popularize : to make popular, especially by writing about in a way that is understandable to most people.[૧૭]

Popular : 1 Pertaining to the people at large; as, popular demonstrations or government. 2 Widely approved or admired; as, a popular officer. 3 Suitable for the common people; easily comprehended; as, popular lectures. 4 Prevalent among the people; as, popular errors. 5 Suited to the means of the people; as, popular prices.[૧૮]

**Popular** Dissatisfactions with the literary CANON, along with the impact of interdisciplinary ventures involving not just literature but also other art-forms and the products of the mass media, have led to a renewed interest in the issues raised by the word popular. Raymond Williams points out that the word stems from a legal and political term meaning 'belonging to the people', but that in the historical shifts towards the widespread modern usage of 'well liked' there has been a strong pejorative streak relating to the implication the word carries of 'setting out to gain favour'

In current critical usage terms such as popular culture, popular literature and popular art typically cover the senses both of 'for the people' and 'of the people.' Williams suggests that this is a relatively recent development, as previously a term such as 'folk culture' was reserved for usages involving the CULTURE produced by people for themselves. We can suggest, however, that the etymological relation between popular and people inevitably leads the former word to respond to shifts of attitudes and meaning attached to the latter one - especially of a socio-political nature. Thus during 1938 Bertolt Brecht's polemics against the anti-MODERNIST positions of Georg Lukacs included interesting proposed definitions (working definitions in the sense that they were intended to be put to work in specific cultural practices) of both popular and culture. The link between views of the people' (both the term and the reality to which the term refers) and views of the popular are clear in Brecht's comments:

> Our concept of what is popular refers to a people who not only play a full part in historical development but actively usurp it, force its pace, determine its direction. We have a people in mind who make history, change the world

> and themselves. We have in mind a fighting people and therefore an aggressive concept of what is popular.
>
> Popular means: intelligible to the broad masses, adopting and enriching their forms of expression / assuming their standpoint, confirming and correcting it/ representing the most progressive section of the people so that it can assume leadership, and therefore intelligible to other sections of the people as well/ relating to traditions and developing them/communicating to that portion of the people which strives for leadership the achievements of the section that at present rules the nation.

Brecht's comments only reached English-speaking readers in any significant way in 1977, and they chimed in with a more general move against assigning purely pejorative associations to the term popular within the context of literary or artistic discussion. Eves with regard to pulp literature-that which previously had been seen as the most blatant example of material foisted on the people by others for financial or IDEOLOGICAL reasons - attempts were made to discover elements of the 'genuine', that is to say, elements which expressed something valid about their lives and experiences to the consumers of this material themselves.

The very considerable influence of the work of Mikhail Bakhtin during the 1980s also involved a renewal of interest in the concept of the popular, directing attention towards traditions of expression and resistance both within and outside canonical literature and art.[૧૮]

**Popular Culture** The phenomenon of what people really but unofficially do and say; also the academic study thereof. Presumably, once it becomes the subject of objective

classification and analysis, a piece of slang or music loses much of its vitality. Even so, popular culture has emerged since about 1960 as a serious and legitimate precinct of aesthetic and anthropological study. (For instance, one can perceive the persistence and metamorphosis of certain figures or motives from Shakespeare's The Tempest in the television series "Fantasy Island" and elsewhere.)[૨૦]

**Popular Literature** Writing in one of the commercially viable modes, especially prose fiction. This literature is valued on a strictly quantitative basis-number of copies sold. It is both creature and creator of popular taste, and it may be a more relable index of what the majority of people really have on their minds, James Hilton and James Michener, for example, are seldom taken very seriously as writers of prose fiction, but their works have had a much greater influence on many more people than the works of canonical, serious writers. Hilton added some words to the language, atleast in the short term ("Mr. Chips" and "Shangri La"). Retrospectively, we can some times recognize that a Shakespeare or a Dickens was conforming to the demands of the popular literature of an earlier time.[૨૧]

આમ, 'ઓક્ષકર્ડ અમેરિકન ડિક્ષનરી', 'ઓક્ષફર્ડ રેફરન્સ ડિક્ષનરી', 'ધ વર્લ્ડ બુક ડિક્ષનરી' અને 'ન્યુ પ્રેક્ટિકલ સ્ટાન્ડર્ડ ડિક્ષનરી' પ્રમાણે 'પોપ્યુલર', 'પોપ્યુલરાઇઝ' અને 'પોપ્યુલારિટી' શબ્દનો અર્થ નીચે પ્રમાણે દર્શાવી શકીએ:

- **પોપ્યુલર - લોકપ્રિય :**

  ૧. લોકો દ્વારા ગમાડેલું અથવા મણાયેલું

  ૨. લોકપ્રિય પ્રકારના પ્રદર્શનમાં લોકો સાથે સંબંધિત

  ૩. મોટી સંખ્યામાં લોકો દ્વારા સંમત થયેલું

  ૪. સામાન્ય લોકોમાં પ્રવર્તેલું અને પ્રગટેલું

૫. લોકોથી ભરપુર

૬. સામાન્ય લોકોનો સ્વાદ કેળવેવો

૭. કળા, સંગીત કે અન્ય ક્ષેત્રોને લોકોની રુચિના પાયા પર કેળવવા જેના દ્વારા પ્રાથમિક રીતે મનોરંજન આશ્ચર્ય કે આનંદ મળે.

- **પોપ્યુલરાઇઝ - લોકપ્રિયતા કેળવવી**

૧. સામાન્યજનોને ગમાડવું કે જ્ઞાન કરવું.

૨. લોકપ્રિયપણે વર્તવું

૩. લોકપ્રિય કે લોકો પોંખે એ રીતે બનાવવું

૪. કશુંક આકર્ષક પેદા કરવું જે મોટી સંખ્યામાં લોકોને ગમતું થાય

૫. લોકપ્રિય બનાવવું ખાસ કરીને, મોટાભાગના લોકોને સમજાય એવું લખવું.

- **પોપ્યુલારિટી - લોકપ્રિયતા**

૧. લોકપ્રિયતા કે લોકવાદી સરકાર કે સિદ્ધાંતો

૨. સર્વજનો કે કોઈ એક ગૃપના લોકો માટે અનુકૂળ તથ્યો કે પરિસ્થિતિનું હોવાપણું

૩. લોકપ્રિયતા

શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં આપેલી 'લોકપ્રિય'ની સમજને આધારે પ્રસ્તુત સંજ્ઞા વિશે નીચે મુજબના તારણો દર્શાવી શકીએ:

- લોકપ્રિય સાહિત્ય એટલે લોકોને કેન્દ્રમાં રાખીને લખાતું સાહિત્ય. લોકપ્રિય સાહિત્ય લોકોની ઇચ્છા-આવશ્યકતાનું ધ્યાન રાખે છે. તેમને આનંદ કરાવતું, મનોરંજન કરાવતું આ સાહિત્ય વાંચવા માટે લોકો, આપોઆપ પ્રેરાય છે.
- લોકપ્રિય સાહિત્ય સાહિત્યિક વ્યવસ્થાથી પર રહે છે. પ્રતીક, કલ્પન, સત્ય કે ઊંડી વિચારસરણીની પળોજણથી દુર રહીને તત્કાલીન ઘટના તેમજ આકર્ષિત કરે તેવા લોભામણા પ્રસંગોનું આલેખન પ્રદર્શિત કરે છે. આમ, શિષ્ટ સાહિત્યની જેમ સાહિત્યના સૌંદર્યશીલતાની કે તેની સાહિત્યિક ગુણોની ચિંતા કર્યા વગર તેનો મુખ્ય ઉદ્દેશ મોટાભાગે વેચાણ અને તેની પ્રસિદ્ધિનો જ હોય છે. બજારમાં વધુમાં વધુ સંખ્યામાં તેનું વેચાણ થાય અને વધુમાં વધુ

લોકોના હૃદય સુધી તે પહોંચે તેવા આશય સાથે અથવા બેસ્ટસેલરની ધારણા સાથે જ તેની રચના થાય છે.

- લોકપ્રિય સાહિત્યનો વાચકવર્ગ મોટો હોય છે. તેથી આ સાહિત્ય રચનાર સર્જક વાચકોની રુચિ-અરુચિનો જ ખ્યાલ રાખે છે. જેથી વાચક કૃતિને ખરા હૃદયથી પામી શકે છે અને તેના સમ-સંવેદન કૃતિ સાથે જોડાય. કેમકે મોટાભાગે લોકપ્રિય સાહિત્યને વાંચનારો વર્ગ સમય પસાર કરવા અથવા તો પોતાના મનને બહેલાવવા - આનંદિત થવા માટે જે-તે લોકપ્રિય કૃતિને વાંચવા તૈયાર થાય છે. આથી ભાવકની, કૃતિને પામવાની સજ્જતા કેળવાય એ બાબતનું સર્જક ધ્યાન રાખે છે.
- લોકપ્રિય કૃતિનું આયુષ્ય લાંબુ હોતું નથી. મોટાભાગે ધારાવાહી સ્વરૂપે લખાતી તેમજ માત્ર મનોરંજનનો જ ઉદ્દેશ્ય ધરાવતી  કૃતિ પર સમયનું પરિબળ અસર કરતું નથી. તે થોડા સમય માટે, પણ ઝડપથી વધુ જનમાનસ પર છવાઈ જાય છે. અને એટલી જ જલ્દી તે જ ભૂંસાઈ પણ જાય છે. હા,  કેટલીક લોકપ્રિય કૃતિઓ એવી પણ હોય છે જે વર્ષો પછી પણ જીવંત રહે છે. પરંતુ તેની સંખ્યા અલ્પ પ્રમાણમાં જ છે.
- લોકપ્રિય કથાનું વિષયવસ્તુ ઘણીવાર કુતુહલ તથા સ્વૈરકલ્પના પર આધારિત હોય છે. જેથી વાંચનારની રોચકતામાં વધારો થાય છે. તેમાં પણ જો રહસ્યમય તેમજ મસાલેદાર ઘટનાઓ સમાવિષ્ટ હોય તો કૃતિ રસપ્રદ નીવડે છે. છેવટે વાચકને જકડી રાખવામાં લોકપ્રિય કૃતિ સફળ થાય છે અને પોતાનો અલગ પ્રભાવ ઉજાગર કરે છે.

## ૧.૨ : લોકપ્રિય સાહિત્ય : અભ્યાસીઓના મતો અને મંતવ્યો

- આનંદશંકર ધ્રુવ : "એ સાહિત્ય (લોકપ્રિય સાહિત્ય) વિદ્વદ નહિ પણ લોકભોગ્ય થવું જોઈએ અને એનો વિષય સામાન્ય જનનું હૃદય હોવું જોઈએ."[૨૨]

- શાલિની ટોપીવાળા : તે સીધી રીતે લોકપ્રિય સંજ્ઞાની વાત નથી કરતા પણ લોકપ્રિય સંસ્કૃતિ નિમિત્તે આ પ્રમાણે નોંધે છે. "લોકપ્રિય સંસ્કૃતિ અને સમૂહમાધ્યમો આપણા રોજિંદા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ખરેખર તેઓ ટેલિવિઝનના બંધાણીઓ તરીકે અથવા સમૂહમાધ્યમના વ્યસનીઓ તરીકે ઓળખતા હોય તેમના રોજિંદા જીવન પર પ્રભુત્વ ધરાવે છે."[૨૩]

- મહિપતસિંહ રાઓલજી : "લોકપ્રિય નવલકથા વેચાણકેન્દ્રી બની ગઈ છે. મધ્યમવર્ગ હવે A.C રૂમમાં બેસીને 'pride and prejudice' (જેને ઓસ્ટીના) વાંચવાનું પસંદ કરે છે."[૨૪]

- અરુણ અડાલજા : "કોઈ અનુભૂતિમૂલક, લોકપ્રિય કૃતિ વાંચવી એટલે સહિયારી સંસ્કૃતિના સત્યો તરીકે જેને આપણે જાણતા જ હોઈએ છીએ તે બધી વિશ્વને સમજવા રોજિંદા ખપમાં લેવાતી આપણી વ્યૂહરચનાઓની કાર્યક્ષમતા અને ઉપયુક્તતા - reaffirm કરાવી, એમ કહી શકાય."[૨૫]

- વિનોદ ભટ્ટ : "સામાન્ય વાચકોની માનસિકતા એ પ્રકારની છે કે જે કંઈ વાંચવામાં અને અથવા વાંચ્યા પછી સમજવામાં માનસિક વ્યાયામ કરવો પડતો હોય એવું વાંચવાનું લગભગ તે ટાળે છે."[૨૬]

- સુરેશ જોષી : "આથી એમાં (લોકપ્રિય કૃતિમાં) જીવંતતા અનુભવાતી નથી. એવી કૃતિના વાચકો વિશ્વસ્ત બનીને એ કૃતિને વાંચે છે. એને (વાચકોને) હચમચાવી મૂકીને, મૂંઝવી નાંખીને એના પરિચિત પરિવેશમાંથી એકાએક ઊંચકી લેવાતો નથી એની આત્મતૃષ્ટિને કશો આઘાત આપવામાં આવતો નથી. એની ભાગેડું વૃત્તિને થોડી પંપાળવામાં આવે છે. એની ઈચ્છાતૃપ્તિને અનુકૂળ સામગ્રી વિના પુરૂષાર્થે એને સંપડાવી આપવામાં આવે છે."[૨૭]

- શિરીષ પંચાલ : "જે લોકપ્રિય નવલકથા લખવા માંગે તે નવલકથાકાર ભાવુકતામાં રાચવાનું જ પસંદ કરે, સાથે સાથે વાચકોને નાયક બનાવવા ઉત્તેજે, એને સ્વપ્નસેવી બનાવે. સીગ્મન્ડ ફ્રોઈડનો, 'ઈચ્છાતૃપ્તિ તરીકે કળા' સિદ્ધાંત સૌથી વિશેષ આ પ્રકારની કૃતિઓને લાગુ પડે."[૨૮]

- નીતિન મહેતાઃ "લોકપ્રિય સાહિત્ય એ મૂડીવાદનું સંતાન છે. સમૂહનું મનોરંજન કરવું એ જ એનું મુખ્ય ધ્યેય છે."[૨૯]

- રમેશ ઓઝા : "કૃતિને લોકપ્રિય કેમ બનાવવી એની વેતરણરૂપે આંજી નાંખતો ચિંતનનો ખોટો ઘટાટોપ ઊભો કરવાની, વિષયનાવીન્યમાં રાચતી સસ્તી તરકીબો રચવાની મધ્યમતાને ગણાવી શકાય... એમાં વાચકની ભાગેડું વૃત્તિને પંપાળવામાં આવે છે. રસકીય પ્રતિભાવ માટેની તાલીમની શક્યતા સર્જ્યા વિના યાંત્રિક પ્રતિક્રિયામાં રાચતા કરી દેવાની ગમ્મત કરાવે છે."[૩૦]

- ધૂમકેતુ : "શાસ્ત્રીયતાનો દાવો છે કે એના વર્તુળમાં જે ન આવી શકે તે અનધિકારી ગણાય. રસીકતાનો દાવો છે, કે કોઈ પણ ભોગે મોટું વર્તુળ જન્માવવું એટલે મારું કર્તવ્ય પૂરું થાય છે...શાસ્ત્રીયતા અને રસીકતા એ બંને ગુસ્સે થયેલા અને એકબીજાને પીઠ દઈને બેઠેલા મિત્રો છે..."[૩૧]

- રઘુવીર ચૌધરી : "ડિટેક્ટિવ વાર્તા, લોકપ્રિય નવલકથા અને ઉત્તમ સાહિત્યકૃતિનું એકસાથે વાચન કરનાર જરૂર તારવી શકે કે જીવનની વ્યાપક અને માર્મિક અનુભૂતિ કલાત્મક અભિવ્યક્તિ પામે ત્યાં સહૃદયનું ચિત્ત સવિશેષ રમે છે. મોટાભાગની રહસ્યકથાઓમાં કુતૂહલ ઉશ્કેરવાની વ્યૂહરચનાથી વધુ કશું હોતું નથી. ગુજરાતીમાં 'આશકા માંડલ' જેવી કથાઓ બહુ ઓછી હશે જે ઇતિહાસ, રાષ્ટ્રપ્રેમ, માનવ-સંબંધના નિરૂપણમાં મૂલ્યદૃષ્ટિ સાચવવાની સાથે સાથે રહસ્યકથા-ડિટેક્ટિવ વાર્તા હોય."[૩૨]

- ઉમ્બ્રેતો ઈકો : "મનોરંજન કરવું એ અત્યંત કઠિન અને શ્રમપૂર્વકનું કાર્ય છે."[૩૩]

- ક્લાઈવ બ્લૂમ : "અતાર્કિક રીતે આવતી બોલકી માંદલી લાગણીઓના ઉભરાઓ, ખોવાયેલા અતીતની ઝંખના અને ઝુરાપો, સનસનાટીભર્યા અદ્‌ભૂત આલેખન, ઉન્માદક શૃંગારભર્યો રોમાન્સ, ક્યારેક ભયાવહ હિંસાભર્યું અને ગગનગામી ઉડ્ડયનો અથવા કપોળકલ્પિત - આ બધા લોકપ્રિય સાહિત્યની આધારભૂમિ છે."[૩૪]

- કોબેના મર્સર : "હાંસિયામાંથી સરકીને, બહાર નીકળીને કેટલીક નિશ્ચિતતાઓ અને સર્વસ્વીકૃત સત્યોને એના સ્થાનેથી દૂર હડસેલીને, પોતાના વાસ્તવમાં એને ઢાળીને જોવા-સમજવાના નવા માર્ગો તેઓ (લોકપ્રિય સાહિત્યના સર્જકો) અપનાવે છે."[૩૫]

- બોબ એશ્લે : "લોકપ્રિય કૃતિ વાંચવી-સમજવી સરળ છે એવું મનાય છે, પરંતુ આ એટલું સરળ નથી. જેને આપણે સસ્તુ, બે ટકાનું અને તુચ્છ માનીએ છીએ તેના અભ્યાસમાં ગહનતા હોવી જોઈએ. વાસ્તવમાં એકપક્ષી વાંચન સરળ લાગે છે, પરંતુ દેખીતી સરળતાની પાછળ એની સંરચના જટિલ પણ હોય શકે. ભલે એના પ્રભાવની પ્રક્રિયા સરળ હોય."[૩૬]

- જ્હોન ફિસ્કે : "જો તમારે બેસ્ટસેલર બનવું હોય તો તમારી કૃતિમાં 'સુખ'નો અનુભવ કરાવનારું તત્ત્વ હોવું ઘટે."[૩૭]

## ૧.૩ : લોકપ્રિય સાહિત્યનું કાવ્યશાસ્ત્ર

પંદરમી સદીમાં Popular સંજ્ઞા 'કાયદાશાસ્ત્ર'માં વપરાતી હતી સોળમી સદીમાં આ સંજ્ઞા લોકોના અર્થમાં વપરાવવા લાગી. ઈ.સ. 1610માં આ સંજ્ઞા ઉચ્ચવર્ગ અને નિમ્નવર્ગ વચ્ચેનો ભેદ દર્શાવવા માટે વપરાવવા લાગી. ત્યારબાદ તો તે **Popular sickness** (જાણીતી બીમારી)ના અર્થામાં પણ પ્રયોજાતી જણાય છે. આખરે, અઢારમી સદીના સમયગાળામાં 'લોકપ્રિય સંજ્ઞા'નો ઉદય થયો. ધીમે-ધીમે ખૂબ વ્યાપક અને વિસ્તૃત અર્થમાં તે વિસ્તરતી ગઈ. ઓગણીસમી સદીમાં આ સંજ્ઞા કલા અને મનોરંજનના સંદર્ભમાં વપરાવવા લાગી. લોકપ્રિય કળાની શરૂઆત ૧૯૫૦માં બ્રિટનમાં થઈ.અને ૧૯૫૦ના અંતિમ વર્ષોમાં સંયુક્ત રાજ્ય અમેરિકામાં તેનો આરંભ થયો. ત્યાં સુધીમાં 'લોકપ્રિયતા' એક અનિવાર્ય પ્રશ્ન બની ગઈ હતી.

લોકપ્રિય સાહિત્યની વ્યાખ્યા સામે ઘણા અવરોધો છે. હાલના સમયમાં ફુટબોલની જેમ આમથી તેમ એક હાથમાંથી બીજા હાથમાં તે ઊછળી રહી છે. સર્જક-વિવેચકો મારી મચોડીને પોતાના જ મતાનુસાર તેની વ્યાખ્યા ઠોકી બેસાડવાના પ્રયત્નો કરે છે. લોકપ્રિય સાહિત્યનું વર્ચસ્વ ફક્ત સમય પસાર કરવા માટેના વાચકો, તેના ખરેખર મુલ્યોને સમજનારા લોકો અને તેમની અવગણના કરનાર સર્જક-વિવેચકો વચ્ચે વેડફાઈ ગયું છે. ભૂતકાળના ઘણા કેળવણીકારોએ લોકપ્રિય સાહિત્યને તુચ્છ અને નિમ્નકક્ષાનું કહી તેને નકારી કાઢ્યું છે. લોકપ્રિય સંસ્કૃતિ પ્રગટ કરતા પુસ્તકોને કચરો કહેવામાં આવતો તેને વાચનારા લોકો ઉપર પણ ટિપ્પણી થતી. લોકપ્રિય સાહિત્યને વાંચનારા લોકો પોતાનો સમય વેડફી રહ્યા છે. એમ કહેવાતું હતું. પરંતુ શાલિની ટોપીવાળા કહે છે તેમ, "દેખીતી રીતે જ સાહિત્યિક દ્રષ્ટિએ જોતાં, એક રમૂજના પુસ્તકની સરખામણી હેંમિંગ્વે કે દોસ્તોઅવસ્કીની નવલકથખા સાથે થઈ શકે નહિં. પણ આ પ્રકારની તુલનાઓ અઘટિત અને ગેરમાર્ગે દોરનારી છે."[૩૮]

લોકપ્રિય સાહિત્યના તો કેન્દ્રમાં જ લોકો રહેલા છે. તેમની ઈચ્છા સંતુષ્ટિ માટે રચાતા આ સાહિત્યના બે ઘટકો શ્રી બળવંત જાની મહેસાણમાં **Theory And Discussion of popular literature**ના સેમિનારમાં જણાવે છે. (૧) સદ્યોગામિતા (૨) તદ્યોગ સિદ્ધ સાહિત્ય.

સદ્દયોગામિતા એટલે કે એકાએક તમારા ચિતમાં સ્થિર રહે છે. એ લોકપ્રિય સાહિત્યનું પહેલું ઘટક છે. આ સાહિત્યને વાંચવા માટે વારંવાર મથામણ ન કરવી પડે તેવી સર્જકતા લોકપ્રિય લેખકમાં રહેલી છે. લોકપ્રિય સાહિત્ય વાંચતી વખતે વાચક અન્ય કોઈ વિચાર કરતો નથી. ને તેમા જ જાણે તણાતો જાય છે. અને આ પ્રક્રિયાને સાદી ભાષામાં પ્રતિકાત્મક રીતે સમજાવવી હોય તો એમ કહી શકાય કે, જેમ કોઈપણ અવરોધ વગર સુવ્યવસ્થિત રીતે બનાવવામાં આવેલ શીરો ગળે થી ઉતરી જાય તેમ સાહિત્ય પણ ગળેથી એટલે કે મગજમાં હૃદયમાં ઊતરી જાય. અને સદ્દયોગામિતાનું મહત્ત્વનું પરિબળ જ એ છે કે જિજ્ઞાસા રસને જીવંત રાખવું.

લોકપ્રિય સાહિત્ય લખનાર સર્જક ભાવકના ફકત બાહ્ય જીવનને અસર કરતા પરિબળોનું ધ્યાન રાખતો નથી. તે વાચકના આંતરિક જીવનનો પણ ખ્યાલ રાખે છે. લોકપ્રિય સાહિત્યકાર લોકોના મન સુધી તો પહોંચે જ છે. પણ ક્યા મન સુધી પહોંચે છે ? તે અગત્યનો પ્રશ્ન છે. તો એ મન જે વ્યકત થતું નથી કોઈને કહી શકતું નથી. અંદરને અંદર જ બધું સંગોપીને રાખે છે. આ સંગોપીભાવને સાહિત્યકાર અનોખી રીતે ઉકેલે છે. અને ભાવક સમક્ષ રજૂ કરે છે. તેથી જ તે ભાવકના હૃદય પર શાસન કરે છે અને આ કામ સરળ ન ગણી શકાય.

લોકપ્રિય સાહિત્યનું બીજુ ઘટક એટલે તદ્દયોગ સિદ્ધ સાહિત્ય. અર્થાત અભિધા, વ્યંજના અને લક્ષણાયુક્ત સાહિત્ય. ખરેખર રીતે વિવેચન અભિધામાં થવું જોઈએ પરંતુ મોટાભાગે વિવેચકો લક્ષણા પદ્ધતિનો ઉપયોગ કરી વિવેચન કરે છે. એટલે કે 'ઓછામાં પાનસેરી' જેવું વિવેચન થાય છે.

દા.ત. વિનોદભટ્ટના એક લેખમાં 'સરસ્વતીચંદ્ર' નવલકથા પર કટાક્ષ જોવા મળે છે : "એથીય આગળ જઈને આ લખનાર તો ત્યાં સુધી માને છે કે આ નવલકથાના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીએ પણ સરસ્વતીચંદ્ર નો ચોથો ભાગ વધુમાં વધું બેથી અઢી વખત વાચ્યો હશે. – આમ, પણ તેમને શિરદર્દનો વ્યાધિ હતો ને!"[૩૯]

ઉપર્યુક્ત વાત કરીને વિનોદભટ્ટ સમજાવવા માંગે છે. કે જે કઈ વાચવામાં અથવા વાંચ્યા પછી સમજવામાં માનસિક વ્યાયામ કરવો પડતો હોય એવું વાચવાનું લગભગ તે ટાળે છે. તેમની આ વાત યોગ્ય જણાય છે. પરંતુ ફકત કટાક્ષ કરવું એ સાચી પરિભાષામાં સમાવિષ્ટ થાય નહિ, તેને પ્રમાણિત કરવું જરૂરી છે.

'લોકભોગ્ય' કે 'લોકાભિમુખ' વગેરે જેવા સમાનાર્થી ધરાવતી આ સંજ્ઞા એક સમયે ઘણું હકારાત્મક વલણ ધરાવતી હતી. પરંતુ ધીમે ધીમે તેના માટેના મંતવ્યોમાં નકારાત્મકતા વધતી ગઈ. અને એક સમય એવો આવ્યો કે, 'લોકપ્રિય' સંજ્ઞા પ્રયોજાતી ત્યારે ગાળ અપાતી તેમ માનવામાં આવતું. આ બાબતને વિનોદ ભટ્ટના 'લોકપ્રિયતા એ ગાળ છે તો પણ' લેખમાં જોઈ શકાય છે. અહીં વિનોદભટ્ટ, સુન્દરમ્, ચન્દ્રકાંત બક્ષી જેવા લેખકોની સામે મોહમ્મદ માંકડ, શિવકુમાર જોશી, દિલીપ રાણપુરા, અશ્વિની ભટ્ટ વગેરે જેવા લેખકોની વાત કરી છે. આ સંદર્ભે એક પ્રસંગનું આલેખન જોઈએ. જેમાં એક યજમાન દ્વારા સુન્દરમ્ અને મોહમ્મદ માંકડની મુલાકાત આલેખાઈ છે. એ સમયે સુંદરમ્ ગુજરાતી સાહિત્યના પ્રમુખ હતા.

"'આ છે મોહમ્મદ માંકડ... લેખક છે.'

સુન્દરમ્ : અચ્છા તમે લખો છો? ક્યા નામે લખો છો?

માંકડ : 'મોહમ્મદ માંકડના નામથી લખું છું.'

સુન્દરમ્ : કશું ગ્રંથસ્થ થયું છે?

માંકડ : 'હાજી, થોડાક પુસ્તકો પ્રગટ થયા છે.'

આ સંવાદ રજૂ કર્યા પછી વિનોદ ભટ્ટ કહે છે, "ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સુન્દરમના ચહેરા પર આ નામ પરિચિત હોવાની એક પણ રેખા ઉપસાતી દેખાઈ નહીં. જ્યારે રાજકોટની બેંગ લીઈબ્રેરીના સભ્યોને તો મોહમ્મ્દ માંકડના નામની પણ જાણ ખરી ને પાછી કામની પણ જાણ એટલી જ."[૪૦]

લોકપ્રિય સાહિત્યની સૈદ્ધાંતિક રીતે ચર્ચા કરીએ તો તેનો આરંભ અઢારમી સદીથી ગણવામાં આવી રહ્યો છે. તે ફકત વર્તમાન સમયની નીપજ નથી. વર્ષોથી લખાતું અને વંચાતું આવ્યું છે. પરંતુ ત્યારે સાહિત્યને કોઈ વિભાગમાં વહેંચાવામાં આવ્યું ન હતું. તેથી તેને સાહિત્યના માળખાંમાં મૂકવામાં આવ્યું. સંસ્કૃત વેદ-ઉપનિષદના સમયથી ચાલી આવતું આ સાહિત્યનું શ્રેષ્ઠ દૃષ્ટાંત 'હનુમાન ચાલીસા'ને પણ ગણાવી શકાય. તે સદીઓથી સર્વાધિક લોકપ્રિય રચના રહી છે. બુદ્ધ કે મહાવીર પણ લોકભાષા દ્વારા જ લોકો સુધી પહોંચી શકયા છે. અને પોતાની વાત તથા પોતાના વિચારોનો પ્રભાવ પણ પાડી શક્યા હતા. ભવભૂતિ, કાલિદાસ શેક્સપિયર વગેરે જેવા લેખકોનો પણ તેમા સમાવેશ થાય છે. લોકપ્રિય સાહિત્યમાં ભાષા અને ધારદાર સંવાદો જ તેનું મહત્ત્વનું પાસું છે.

સાહિત્યની ભાષા અને લોકભાષા અલગ તો હતી જ એટલે ખાસ મધ્યમવર્ગીય કે સામાન્યકક્ષાના વાચકો માટે લોકપ્રિય સાહિત્ય સીધુ અને સરળ રહ્યું છે. જેના કારણે તે વધુ વંચાય છે.

કાલિદાસકૃત અત્યંત પ્રચલિત બનેલી કૃતિઓ 'માલવિકાગ્નિમિત્ર', 'અભિજ્ઞાનશાકુન્તલમ' કે તેના અન્ય નાટકો તપાસીયે તો તેમા શિષ્ટ સાહિત્યની ભાષા સાથે કૌંસમાં એ સમયે બોલાતી ભાષા પ્રમાણે પણ શબ્દો કે વાક્યો મૂકવામાં આવતા હતા. જેથી સામાન્ય માણસ પણ તેને સમજી શકે. આમ, લોકપ્રિય સાહિત્યકાર પણ આ જ ધરા પર કામ કરે છે. મોટા ભાગનો વાચકવર્ગ ક્યો છે? તે બાબત ધ્યાનમાં રાખે છે. અને એ પ્રમાણે લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને રચના કરે છે અને પોતાની કલા પ્રસ્તુત કરે છે. રામાયણ, મહાભારતની કથાના પ્રસંગો લઈને નાટકની ભજવણી થાય, કઠપૂતળીના કાર્યક્રમો દ્વારા કથા કહેવાય, ઉપરાંત મધ્યકાલીન યુગમાં પ્રવેશ કરીએ તો મીરાંના પદો, નરસિંહના પ્રભાતિયા હોય, જે લોકોને કંઠસ્થ રહેતા હતા.

આ રીતે સાહિત્ય લખ્યા કે વાંચ્યા વગર પણ લોકો સુધી પહોંચતું હતું. ગઈ સદીના અંતભાગ સુધી તો નાના નગરોમાં કે ગામડાઓમાં ચૈત્રમાં ઓખાહરણ, ભાદરવામાં શ્રાદ્ધ, ચતુરમાસમાં, દશમસ્કંધ, સીમંત, લગ્ન જેવા પ્રસંગોમાં મામેરું, દર શનિવારે સુદામાચરિત્ર અને રવિવારે થતું હુંડીનું દાન વગેરે જેવી પંરપરાઓ ગુજરાત તથા ગુજરાતની બહાર પણ જોવા મળતી હતી. આજે પણ આ પરંપરાઓનુ મહત્ત્વ ક્યાંકને ક્યાંક જોવા મળે છે. જેને સામાન્ય માણસનો સાહિત્ય સાથે સબંધ કોઈકને કોઈક રીતે બાંધી જ રાખ્યો છે.

સાહિત્યક્ષેત્રમાં નવલકથાક્ષેત્રે જોઈએ તો ગોવર્ધનરામ ત્રિપાઠીની અત્યંત લોકપ્રિય 'સરસ્વતીચંદ્ર'થી માંડીને હાલના સમયમાં કહેવાતા ધૈવત ત્રિવેદીની 'લાઈટહાઉસ' સુધીની યાત્રા જોઈ શકાય જેમાં કેટલીક નવલકથાનો સમાવેશ શિષ્ટ તથા લોકપ્રિય બંનેમાં થઈ શકે છે. સાવ લોકપ્રિય સાહિત્યના માળખામાં ગોઠવી દેવામાં આવેલી કૃતિઓ શિષ્ટ સાહિત્યના સર્જકોના હાથમાં કે ફક્ત શિષ્ટ સાહિત્યને જ સાહિત્ય ગણનારા લોકોના હાથમાં ઓછી જોવા મળે. પરંતુ, લોકપ્રિય સાહિત્યએ તેનું એક અલગ સ્થાન ઊભું કર્યું છે. લોકપ્રિય સાહિત્યની હવે વ્યાખ્યાનમાળા શરૂ થઈ છે. જેમાં ઉત્તમ લોકપ્રિય સર્જકોના ઉત્તમ સર્જન ઉપર ચર્ચાઓ થાય છે. જેથી તેમણે કરેલી મહેનત પર ધ્યાન દોરવાય છે. આ હવે પછીના ભાવકોને પણ સંસિદ્ધ કરવા માટે ના પ્રયત્નો કરવામાં આવે છે. આ રીતે

લોકપ્રિય સાહિત્યની વિભાવના સીધી, સરળ અને પરાપૂર્વથી પ્રચલિત તથા પરંપરિત રહી છે. જે હવે લોકો સુધી એક નવી સમજ સાથે પહોંચી રહી છે.

લોકપ્રિય સાહિત્ય પાછળ ઔધોગિક ક્રાંતિ, વિજ્ઞાન-ટેકનોલોજીનો ઝડપી વિકાસ તથા મધ્યમવર્ગનું અસ્તિત્વ હોઈ શકે, કેમકે ઝડપી વિકાસ માનવી સામે અવનવા પરિણામો અને પરિમાણો મૂકતું હતું. ગામડાનું જીવન એ નગર જીવનમાં પરાવર્તિત થઈ રહ્યું હતું. ત્યારે વાસત્વિક જીવનને અલગ રીતે જોવાની દૃષ્ટિ અસ્તિત્વમાં આવી. અને મધ્યમવર્ગે નવરાશની પળોમાં મનોરંજન માટે, આનંદ માટે લોકપ્રિય સાહિત્યનો ટેકો લીધો. પછી તો ભાવકોની માંગણી પ્રમાણેનું જ સર્જન કરી સર્જકોએ તેમના સુધી પહોચાડ્યું. અને તેમાં સૌથી મોટો ફાળો ધારાવાહિક નવલકથાનો રહ્યો. આમ, ધીમે-ધીમે કાળાના મુલ્યો સાચવવા માટે મથતા સર્જકો સામે ફક્ત લોકોના હૃદય સુધી પહોંચવા માટેની હરિફાઈ શરૂ થાય છે. અને લોકપ્રિય સાહિત્ય તથા શિષ્ટ સાહિત્ય વચ્ચેનો ફાંટો શરૂ થાય છે. "૧૯૬૦માં સુઝાન સોન્ટેગ તેમના લેખ 'Against Interptation'માં પોતાની ચર્ચામાં New Sensibility (નવ્ય સંવેદન જન્યતા) તરીકે ઓળખાવે છે. તેની સાથે આ માનવીનો (જીવનને નવી રીતથી માણવા વાળા માનવી) મુકાબલો શરૂ થઈ ચુક્યો હતો. તે સમયના વર્ગવિશેષ પર આ લોકપ્રિયનો - નવ્ય સંવેદન જન્યતાનો સીધા પ્રભાવ પડ્યો."[૪૧] આમ, શિષ્ટ તરફથી લોકપ્રિય તરફનું આ પ્રયાણ શરૂ થયું.

લોકપ્રિય સાહિત્ય ઘણુ ખરું સંચાર માધ્યમો સાથે પણ સંકળાયેલું છે. એનું પણ એક કારણ છે કે તે લોકો સુધી વધારે પહોંચે છે. તેમજ ઝડપી પહોંચે છે. ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ, સ્કાય પે વગેરે સંચાર માધ્યમો આજના મનુષ્યના ખાસ કરીને યુવાનવર્ગના ટેરવે રહેલા છે. અને તેના દ્વારા ભાષાને પણ નવી દિશા મળી છે. પહેલા હપ્તે હપ્તે નવલકથા અખબારોમાં ટૂકડે-ટૂકડે લોકો સુધી પહોંચતી હતી અને અત્યારે પણ આ પરંપરા ચાલે જ છે પણ આજ બાબત હવે ઓનલાઈન થઈ ગઈ છે. ગુગલ પર કે પોતાની નિશ્ચિત વેબસાઈટ પર સર્જકો પોતે સર્જેલી કથાને મૂકે છે, તેને ફોલોઅર્સ મળે છે. લાઈક્સ વધે-ઘટે છે. કોમેન્ટસ્ મળે છે. આ રીતે ઝડપથી સર્જક ભાવક સુધી પહોંચી જાય છે. હવે તો વિદેશમાં બેઠેલા વ્યક્તિઓના લગ્ન, તેમના ઘરમાં કથા, ભજન કે કોઈ વાસ્તુપૂજન હોય તો પણ બીજા દેશમાં બેઠા-બેઠા બ્રાહ્મણ કરાવી શકે છે. આમ, લોકો વચ્ચેનું અંતર પણ ઘટ્યું છે. ભાવક તેના મનના વિચારો, તેની ઈચ્છા સર્જક સુધી પહોંચાડે છે. અને એ પ્રમાણે

સર્જક સર્જન કરે છે. આમ, લોકપ્રિય સાહિત્યનો એક બહોળો વર્ગ ઉભો થયો. શિક્ષા અને સમજનો વિકાસ વધ્યો એટલે નિમ્ન કક્ષાનું સાહિત્ય અને શિષ્ટ સાહિત્ય વચ્ચેનો પક્ષપાત પણ થોડો ઘટયો. લોકપ્રિય સાહિત્ય મૂડીવાદ સાથે સંકળાયેલું છે. લોકોના વિચારો સાથે ઓતપ્રોત થઈ તેમનું મનોરંજન કરવું એ જ એનો મુખ્ય ઉદ્દેશ્ય છે. અને ઉબ્રાંટો ઈકોએ કહ્યું છે તેમ "મનોરંજન કરવું એ અત્યંત કઠિન અને શ્રમપૂર્વકનું કાર્ય છે."[૪૨] સમય જતા સાહિત્યનું મનોરંજન કરાવવાનું કામ ટેકનોલોજી દ્વારા થાય છે. ભૂતકાળમાં પણ ભાવકની ઈચ્છા પ્રમાણેનું સર્જન થતું જ હતું. પરંતુ માધ્યમો જુદા હતા. ઝવેરચંદ મેઘાણીની 'વેવિશાળ'ની કથા હપ્તે હપ્તે લખાતી અને વાચકો તેમને પત્રો લખી પોતાના ભાવ જણાવતા. અને એ પ્રમાંણે 'વેવિશાળ'ની કથા આગળ વધતી. કહેવાય છે કે એકવાર મેઘાણીએ તેમના મતાનુસાર કથા આગળ વધારી અને કથાનાયિકા સુશીલાની સગાઈ તોડી નાખી. આ કથા વાંચીને વાચકોના પત્રોનો જાણે વરસાદ થયો અને પછીના અંકોમાં મેધાણીએ ભાવકની લાગણીને પ્રાધાન્ય આપી સગાઈ જોડાવી પડી. આવી ધટનાઓ ટી.વી. સિરિયલ્સમાં પણ ઘટતી હોય છે. તેનું એક લોકપ્રિય જગજાહેર દ્દષ્ટાંત જોઈએ – બહુ જુની અને પ્રચલિત એકતા કપૂરની સિરિયલ 'ક્યું કી સાસ ભી કભી બહુ થી' તેમા મિહિર નામનું પાત્ર ખૂબ લોકપ્રિ. હતું અને તેના મુત્યુની ઘટના દર્શિત થઈ ગઈ કે તરતજ સિરિયલની ટી.આર.પી ઘટી ગઈ. આખરે, થોડા જ સમયમાં પ્રજાની લાગણી અને તેમના પાત્રો સાથે જોડાયેલ સ્નેહભાવને માન આપતા મિહિરને જીવતો કરવો પડ્યો. આ એક લોકપ્રભાવ જ કહેવાય, જે સાહિત્યમાં પણ જોવા મળે છે.

લોકપ્રિયતાના પ્રથમ વિચારક તરીકે ઓળખાતા લોરેન્સ એલોવ તેમજ જિમ કોલિન્સના મત ક્રમાનુસાર જોઈએ.

1. "એક વિશિષ્ટ પ્રકારની નગરચેતનાનું ગ્રંથન સમુહ દ્વારા થાય છે."[૪૩] તેમાં જાહેરાતો લોકપ્રિય સંગીત વિજ્ઞાનકથાઓ, અને ફિલ્મોનો સમાવેશ થાય છે.
2. "ટેલિવિઝન લોકપ્રિય સંસ્કૃતિનો અર્ક છે."[૪૪]

ડિસ્કવરી, એવોર્ડ શો વગેરે જેવા કાર્યક્રમો પ્રદર્શિત કરતી T.V.ચેનલોથી મોટાભાગનો નિશ્ચિત વર્ગ ઘેરાયેલો છે. મનની શાતિ માટે મનોરંજન માટેની સામગ્રી ઘરે બેઠા જ આપણને મળે છે. હંમેશા જે પ્રચલિત અને પ્રખ્યાત હોય તેને લોકો વધાવે છે. તેનું વળગાણ લોકોને હોય છે. અને એટલે જ જાહેરાતોમાં જોઈ નક્કી કરવામાં આવે છે. કે કઈ બ્રાન્ડના કપડા, શેમ્પુ, પરફ્યુમ, તેલ, વગેરે જેવી

જીવન જરૂરિયાત વસ્તુઓની પસંદગી કરવી. કારણ કે જાહેરાતમાં પણ આકર્ષિત તત્ત્વો ઊમેરી તેને મઠારીને સુંદર રીતે દર્શાવવામાં આવે છે. જેથી ગ્રાહક આકર્ષાય છે. એ જ રીતે લોકપ્રિય સાહિત્ય પણ તેના આકર્ષિત તત્ત્વો દ્વારા ભાવકને આકર્ષે છે.

આ ઉપરાંત, કોલેજોમાં વિવિધ ડેઝ(દિવસો)ની ઊજવણીઓ કરવામાં આવે છે. જેમ કે, ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઈન ડે, રોઝ ડે, ટ્રેડીશનલ ડે, વગેરે... આ અંગેની ચર્ચા નીતિન મહેતાએ પણ પોતાના 'લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય' નામના લેખમાં કરી છે. હવે તો ફાધર્સ ડે અને મધર્સ ડેનું પણ મહત્ત્વ વધ્યું છે. જેનો કંઈક અંશે ફાયદો પણ થાય છે. ટેકનિકલ યુગના  કારણે સંબધોથી દૂર થયેલ માનવી આવા ડેઝના કારણે નજીક આવે છે. આમ, મૂડીવાદ વિસ્તારતો ગયો. નીતા ભગત કહે છે તેમ "મનોરંજન સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજનીતિના ત્રિપરિમાણોએ મૂકી અને માનવ વચ્ચે અભેદ રચી દીધો છે"[૪૫]

અમેરિકન નેત્રસર્જનના રોબિન કૂક કેવી રીતે લોકપ્રિય થિયરી સુધી પહોંચ્યા તેનો એક પ્રસંગ જોઈએ. "કૂક બહુ મોટા સર્જન હતા. તેમની પ્રેક્ટિસ ધમધોકાર ચાલતી હતી. એ દરમિયાન એમણે લેખક બનવાનું સ્વપ્નું જોયું, એ પણ સૌથી વધુ લોકપ્રિય લેખક બનવાનું. એ માટે તેઓએ લેખનનો ખાસ કોર્સ કર્યો, બીજી બાજુ ન્યુયોર્ક ટાઈમ્સમાં છપાતી બેસ્ટ સેલર્સ નવલકથાઓ ધ્યાનપૂર્વક વાંચી. અન્ય દોઢસો જેટલી લોકપ્રિય નવલકથાઓ વાંચ્યા બાદ એમણે લોકપ્રિયની ફોર્મ્યુલા શોધી કાઢી. એ મુજબ એમણે આ નવલકથાનું પ્રકાશન થાય એના આગલા દિવસે એમણે આ  નવલકથા પરથી લખનારી ફિલ્મના પોતાના અધિકારો વેચ્યા. પુસ્તક-ફિલ્મ એ રીતે સમાંતરે અત્યંત લોકપ્રિય નીવડ્યાં."[૪૬] અહીં ધ્રુવ ભટ્ટની તત્ત્વમસિ નવલકથા અને તેના પર નિર્ધારિત ફિલ્મ 'રેવા'નું પણ સ્મરણ થાય. ફિલ્મ તેમજ નવલકથા બન્નેમાં નર્મદાની પરિક્રમા તેમજ તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખતા લોકોના મનને લેખકે ઉજાગર કર્યું છે. નર્મદા વિષયક ઘણી અન્ય માહિતી પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તેના માટે ધ્રુવ ભટ્ટ પોતે રખડપટ્ટી કરે છે. અશ્વિની ભટ્ટનું પણ અહીં સ્મરણ થાય. તેમની ઓથાર અને આશકામાંડલ લોકપ્રિયતાના શિખરે જઈને બેઠી છે. હજારથી ઉપર પૃષ્ઠ સંખ્યા ધરાવતી હોવા છતાં 'ઓથાર'ની કથા કંટાળાજનક લાગતી નથી. કારણે તેમાથી લેખક પોતે પસાર થયા છે. ખુદ સંઘર્ષ વેઠ્યા પછી કથામાં સંઘર્ષ દાખવી શક્યા છે. આ કથામાં પણ નર્મદના અદ્ભૂત વર્ણનો છે. જેની મુલાકાત કર્યા પછી લેખક ભાવક સમક્ષ તેનું આકર્ષક વર્ણન કરી શક્યા છે. તેમની

ચિત્રાત્મકતા, તાદશ્યતા અને પરિશ્રમ કથાભૂમિને આત્મસાત્ કરાવે છે. કલ્પના માત્રથી ભાવક ભેડાઘાટ જેવા સુંદર સ્થળોનું ભ્રમણ કરી શકે છે. આ માટે વિનોદ ભટ્ટે કથાના આગળના ભાગમાં નોંધેલી એક સ્પષ્ટતા જોઈએ. "સંદેશમાં વાંચ્યા બાદ ગુજરાતમાંથી જબલપુર પરણવા જતા વરરાજાએ સસરા સાથે એવી શરત કરેલી કે એમને ભેડાઘાટ જોવા લઈ જવા પડશે - તો જ લગ્ન મંજૂર."[૪૭] ભેડાઘાટ જોયા બાદ વરરાજા તથા જાનૈયાઓએ અશ્વિની ભટ્ટને પત્ર પણ લખ્યા હતા, આમ એક કૃતિમાં રહેલું આબેહૂબ અને આકર્ષિત વર્ણન ભાવકોને જે- તે સ્થળની મુલાકાત લેવા માટે પણ પ્રેરે છે. અશ્વિની ભટ્ટ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરનાર ધૈવત ત્રિવેદીની નવલકથાઓમાં પણ આ પરિશ્રમ નજરે પડે છે. આમ, કૃતિને લોકપ્રિયતાના શિખરે પહોંચાડવી હોય તો તેને કઈ સંચારપ્રક્રિયામાંથી પસાર કરવી તેનાથી અવગત થવું પડે છે. તો જ તેનો પ્રભાવ જોવા મળી શકે છે.

ફિલ્મ જગત હોય કે ટેલિવિઝન હોય દર્શક કેટલો રસ લેશે ? શું કરીશું તો ફિલ્મ સુપરહીટ થશે કે ચેનલની TRP વધશે અને કોઈ સિરિયલની લોકપ્રિયતામાં વધારો થશે. તેની જ ચિંતા કે મથામણ ચાલતી હોય છે. ઘણીવાર ડાયરેક્ટર લોકપ્રિય નવલકથાઓનો પણ ઉપયોગ કરે છે. ઘણી બધી એવી નવલકથાઓ છે, જેના પરથી ફિલ્મો અને સિરિયલો બની છે. ચેતન ભગતની નવલકથા 'હાફ ગર્લફ્રેંડ' અને 'ટુ સ્ટેટ્સ' પરથી ફિલ્મો બની છે, તેમજ તેમની 'ફાઈવ સમવન' કથા પરથી '3 ઈડિયટ્સ' જેવી હિટ ફિલ્મ પણ બની છે. તો મધુરાયની નવલકથા 'કિમ્બલ રેવન્સ વુડ' પરથી 'વોટ્સ યોર રાશી' ફિલ્મ પણ બની, અને 'મિ. યોગી' નામે સિરિયલ પણ આવી જે દુરદર્શન પર પ્રસારિત થઈ હતી. ઉપરાંત રજની પંડ્યાકૃત 'કુંતી' કથા પરથી કુંતી સિરિયલ પણ આવી હતી. વિલિયમ શેક્સપિયર લિખિત 'ઓથેલો'ની કથા 'ઓમકારા' જેવી અદ્ભુત ફિલ્મ પ્રદર્શિત કરે છે. ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર' તો લોકપ્રિયતાના શિખરે પહોંચી હતી. જેણે ફિલ્મ અને સિરિયલ બન્નેમાં પ્રવેશ કર્યો છે. આમ, લોકપ્રિય કૃતિઓના પ્રભાવ જોઈ શકાય છે. મનોરંજન કરાવતું લોકોના હ્રદય સુધી પહોંચી શકતું આ સાહિત્ય મનોરંજનના અન્ય ક્ષેત્રોમાં પણ ધુમ મચાવી શકે છે.

આ ઉપરાંત પણ સાહિત્યકૃતિનો વાચક પર કેટલો પ્રબળ પ્રભાવ પડે છે તે માટે ભાલણ-શામળના સમયકાળમાં પ્રવેશ કરીએ તો તે સમયે ભાવક મુગ્ધ રસિક હતો. અને શામળની રચનાઓ પરથી જ કહી શકાય કે તેમને લોકપ્રિયતા કેવી રીતે પ્રાપ્ત કરવી તેનો બરાબર ખ્યાલ હતો.

પંડિતયુગના કલાપીને યાદ કરીએ તો એ પણ ઘણા લોકપ્રિય કવિ હતા. જેમ 'ઓથાર' વાંચ્યા પછી નવોઢાં ભેડાઘાટ ફરવા જતાં તેમ એ સમયમાં પ્રેમની અનુભૂતિ કરનાર યુવાનો કલાપીની કવિતા ગાતા હતા :

"જ્યાં જ્યાં નજર મારી ઠરે
યાદી ભરી ત્યાં આપની"

આ પંક્તિઓનો ઉપયોગ પણ ઘણી વાર શોભના તરીકે થાય છે. ફિલ્મજગતમાં પણ આવું ઘણીવાર બને છે. ભગવાન માટે લખાયેલ ગીત પંક્તિઓનો ઉપયોગ અંગત જીવનની પરિસ્થિતિ પ્રમાણે લોકો કરે છે. તેનું એક ઉદાહરણ જોઈએ : શેરશાહ ફિલ્મમાં 'મન ભરીયા' ગીત ઘણું લોકપ્રિય બન્યું. હીરો (નાયક) શહીદ થતા હીરોઈન (નાયિકા)ની ભગવાનને ફરિયાદ દર્શિત કરતી પંક્તિઓ એ ગીતમાં જોવા મળે છે. તથા તેમા પ્રસ્થાપિત પંક્તિ – 'અગલે જનમ વિચ અલ્લાહ એસા ખેલ રચા કે ભેજે, મેનુ તુ બના કે ભેજે, તેનુ મે બનાકે ભેજે' આમ, આ ગીતની રચના દુઃખદ રહી છે. પરંતુ ઇન્સ્ટાગ્રામ પર ઉપર્યુક્ત પંક્તિ ઉપર ઘણી હાસ્યરસ ઉદ્‌ભવિત કરે તેવી રીલ્સ જોવા મળે છે. જેમા મોટાભાગે મોટી કંપનીના એમ્પલોયઝ જેમને સતત બોસથી ડરીને, સહન કરીને કામ કરવું પડે છે. ઘણીવાર એકસ્ટ્રા કામ કરવું પડે છે. તે પોતાના બોસને ઉપર્યુક્ત પંક્તિ ડેડિકેટ કરી મનોરંજન કરાવે તેવી રીલ્સ બનાવે છે. આ પંક્તિનો ઉપયોગ બ્રેકઅપ થતા, દગો કરનાર પાર્ટનરને સંભળાવવા માટે પણ થાય છે. આ રીતે સાહિત્ય, સમુહમાધ્યમ અને લોકો આપોઆપ જોડાઈ જાય છે. અને એકબીજા ઉપર તેનો પ્રભાવ ઝિલાય છે.

લોકપ્રિય અને શિષ્ટ બન્ને પ્રકારમાં બંધબેસતી અત્યંત પ્રખ્યાત ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો પણ લોકોના ચિત્ત-માનસ ઉપર ખૂબ પ્રભાવ પડ્યો છે. કહેવાય છે કે જ્યારે કોઈ છોકરીના લગ્ન થવાના હોય ત્યારે 'સરસ્વતીચંદ્ર' કથાનો બીજો ભાગ 'ગુણસુંદરીનું કુટુંબજાળ' લગ્ન પહેલા તેની માતા ભેટ આપતી હતી અને શીખામણ આપતા કહેતી કે તારે આ ગુણસુંદરી જેવું થવાનું છે. સમાચારપત્ર સંદેશની 'ઈદમ તૃત્યમ' કોલમમાં વિનોદ ભટ્ટે પણ આ વાતની સ્પષ્ટતા કરી છે. અહીં જોઈ શકાય છે, કે સર્જકને એ વાતનો ખ્યાલ છે કે પુરુષ ગમે તેટલા અવગુણ ધરાવતો હોય તેને પોતાની પત્ની માટેની અપેક્ષા ગુણસુંદરી જેવી જ હોય. અને સર્વગુણસંપન્નતા ધરાવતી સ્ત્રી એટલે ગુણસુંદરી, જેમાં ગુણ પણ હોય અને સુંદરતાનો સુમેળ પણ થતો હોય. આમ, પાત્રનું નામકરણ પણ એ પ્રમાણે યોગ્ય ઠરે છે.

દલપતરામનું કવિતાક્ષેત્ર જોઈયે તો તેમણે પણ લોકપ્રિયતા મેળવવામાં પાછી પાની નથી કરી. તેમની પંક્તિઓ તો જાણતા-અજાણતા સાક્ષર-અભણ લોકોને કંઠસ્થ થઈ ચૂકી હતી. અને રોજિંદા જીવનમાં આજેય એ પંક્તિઓનો ઉલ્લેખ જોવા મળે છે. કોઈ પણ વ્યક્તિ કોઈને તેનો વાંક કે ભૂલનો નિર્દેશ કરે તો સામે કટાક્ષમાં વળતા જવાબમાં સંભળાવી દેવામાં આવે,

“અન્યનું તો એક વાંકુ,
આપના અઢાર છે.”

ડૉ. ભરત પંડ્યા મહેસાણા ખાતે યોજાયેલ એક લોકપ્રિય સેમિનારમાં પોતાના વ્યાખ્યાનમાં દલપતરામની રચનાઓ યાદ કરે છે. અને તે કહે છે. તેમની કવિતા દ્વરા પહેલાના સમયમાં તો સાત વારના નામ શિખવાડવામાં આવતા હતા :

“રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર
ચોથો બુધ, ગુરુ પાંચમો, છઠ્ઠો શુક્રવાર,
સાતમો શનિવાર છે, છેલ્લો વાર ગણાય
એમ કહી અઠવાડિયું સાતવારનું થાય.”

તેમજ નર્મદનું સ્મરણ કરીએ તો તેમના માટે તો સેલેબ્રીટી શબ્દ અંકિત કરી શકાય. તેમને જોવા-સાંભળવા લોકોની ભીડ જામતી હતી :

“યાહોમ કરીને પડો
ફતેહ છે આગે”

“ડગલું ભર્યું ન હટવું”

વગેરે જેવી પંક્તિઓનો આજે પણ કોઈનો પારો ચઢાવવા કે પ્રોત્સાહન પુરુ પાડવા માટે ઉલ્લેખ થાય છે. નર્મદને પ્રેરણારારૂપ નીવડ્યા તે રસેલ સાહેબ એક મોટા સર્જક અને ચિંતક કહેવાય છે. તેમના જીવનનો પણ એક પ્રસંગ નોંધપાત્ર છે. રસેલ સાહેબ જ્યારે ભારત આવવા માટે સ્ટીમરમાં પ્રવાસ કરે છે એ સ્ટીમરમાંથી ઉતરતા સમયે તેમના હાથમાં ત્રણ પુસ્તકો હોય છે. અને એ ત્રણેય પુસ્તક ગુનાશોધનની રહસ્યકથા વિષયક હોવાથી પત્રકારો તેમને આ શોખ વિશે પ્રશ્નો પૂછે છે. ત્યારે પ્રત્યુત્તર વાળતા રસેલ સાહેબ કહે છે, “સામાજિક નવલકથામાં કેટલાય પાના પસાર થાય ત્યારે ‘હીરો’ પરાણે બેડરૂમની બહાર નીકળ્યો હોય. ‘ડિટેક્ટિવ’ નવલકથામાં આટલા પાનામાં કેટલાય

બનાવો બની ગયા હોય."[૪૮] આ લેખમાં મહાન તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિ, સાહિત્યકારો સમરસેટ મોમ, ટી. એસ. એલિયેટ, જી. કે. એસ્ટરટન, ગ્રેહામ ગ્રીન અને ડબલ્યુ એચ. ઓડન જેવા સર્જકો પણ રહસ્યકથાઓના વાચકોમાં સમાવિષ્ટ થયા છે એવો ઉલ્લેખ છે.

ડિટેક્ટિવ કથા કે લોકપ્રિય કથા મુખ્યત્વે કુતુહલ સંતોષે છે. અશ્વિની ભટ્ટકૃત ઇતિહાસ, રાષ્ટ્રપ્રેમ અને માનવીય સંબંધોને આલેખતી 'ઓથાર' હોય કે મુનશીની 'ગુજરાતનો નાથ' હોય બન્ને પ્રકારના લેખકની એક સર્વસામાન્ય બાબત જોઈ શકાય છે કે બન્ને સર્જકો એ રીતે ઘટનાઓના તાણા-વાણા રચે છે કે વાચકને કથા કંટાળાજનક ન લાગે અને તેમનું કુતૂહલ જીવંત રહે. એટલે કોઈપણ પ્રકારની કૃતિ હોય તેની વિશિષ્ટતા મહત્ત્વની છે. કૃતિને વર્ગીકૃત કરીને તેનું મૂલ્ય માપવું યોગ્ય ન ગણી શકાય. કેમકે, શિષ્ટ ગણાતી અને લોકપ્રિય ગણાતી બન્ને કૃતિ વાંચનાર અને સમજનાર જ એ તારણ સુધી પહોંચી શકે છે કે જીવનની અનુભૂતિ ધરબાઈ ગયેલ સપના કે ઇચ્છાઓને જ્યારે કલાત્મક કવચ મળે છે ત્યારે મનના સંતોષની તથા આનંદની પ્રાપ્તિ થાય છે. સિગ્મંડ ફ્રોઈડ પણ કહે છે કે, 'સાહિત્યકૃતિઓ એ ઇચ્છાતૃપ્તિનું સાધન છે.'

કૃતિનો મનુષ્યની માનસિકતામાં પ્રભાવ ઝિલાય છે. તે બાબતે ર. વ. દેસાઈકૃત 'ભારેલો અગ્નિ' નવલકથા જોઈએ તો ૧૯૩૫માં તેની રચના થઈ. તેમાં ગાંધી વિચારધારા કેળવતો એક વૃદ્ધ વ્યક્તિ અને શંકર નામનો યુવાન છે. કથાના અંતે શંકર એ વૃદ્ધને ગોળી મારે છે અને કહે છે કે, 'વૃદ્ધની મતિ વૃદ્ધ થઈ છે.' ત્યારબાદ ૧૯૪૮માં ૩૦ જાન્યુઆરીએ આવી જ ઘટના ગાંધીજી સાથે બને છે. તો બની શકે કે આ કૃતિનો જ પ્રભાવ નથુરામ ગોડસેએ ઝિલ્યો હોય. આ સિવાય ડિકન્સની કૃતિ 'ટેલ્સ ઓફ ધ સીટી' રચાયા પછી બ્રિટનમાં બાળમજૂરી માટેનો કાયદો આવ્યો. તો રશિયામાં પણ ચેખોવની વાર્તા વોર્ડ નં. 6 વાંચીને આરોગ્ય સેવા સુધરવાના બનાવો નોંધનીય છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે વિનેશ અંતાણીકૃત લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકનાર 'પ્રિયજન'ની નવી આવૃત્તિની ફળશ્રુતિ જોઈએ :

(૧) "એક સાહિત્યિકકાર્યક્રમ નિમિત્તે હું મુંબઈ ગયો હતો. ત્યાં એક યુવાન દંપતિ મને મળવા આવ્યું. એમણે પ્રેમલગ્ન કર્યા હતાં. પતિએ કહ્યું : 'અમારાં લગ્નમાં તમારી 'પ્રિયજન' નિમિત્ત બની છે. અમે નાનપણથી એકબીજાને ઓળખતાં હતાં, મોટા થયાં પછી એકબીજા માટે જુદા પ્રકારનો ભાવ અનુભવીએ છીએ તેવું લાગતું હતું, છતાં અમારા સંબંધને કોઈ ચોક્કસ નામ આપતાં અમે ખચકાતાં હતાં. તે દરમિયાન 'પ્રિયજન' મારા હાથમાં આવી. હું વાંચી ગયો અને મને લાગ્યું કે જો હું મારી

લાગણી સમયસર સ્પષ્ટ નહીં કરી દઉં તો પછી સમય અમારા હાથમાંથી સરી જશે.' એ યુવકે બીજું કઈ ન કર્યું, એની 'મિત્ર'ને 'પ્રિયજન' વાંચવા આપી. એ બંનેએ મને કહ્યું, ત્યાર પછી અમારે એકબીજા માટે શબ્દોમાં વ્યક્ત કરવા જેવું કંઈ જ નહોતું, અમે લગ્ન કરી લીધાં અને હવે ચારુ-દિવાકર તથા નિકેત-ઉમા જેવા ભરપુર દામ્પત્યજીવનનો આનંદ માણી રહ્યાં છીએ."

(૨) "બીજો એક પ્રસંગ સાહિત્યના અભ્યાસી મિત્ર પાસેથી જાણવા મળ્યો હતો. એ મિત્રના ભાઈની દીકરી એક યુવકના પ્રેમમાં હતી. શરૂઆતમાં યુવતીના કુટુંબીજનોમાંથી કોઈને એ સંબંધ માન્ય નહોતો. સમય જતાં બધાંએ સમાધાન કરી લીધું હતું. માત્ર યુવતીના મોટાભાઈની સંમતિ નહોતી. એનો વિરોધ હિંસક બને એટલો બધો પ્રબળ હતો. એને સમજાવવાની જવાબદારી મારા મિત્ર પર નાખવામાં આવી હતી. મિત્રે ભત્રીજાને પોતાને ઘેર બોલાવી જુદી જુદી રીતે સમજાવવાની કોશિશ કરી. મધરાત સુધી ચર્ચા ચાલી પણ કોઈ જ આશા દેખાઈ નહોતી. છેવટે થાકીને બધા સૂવા ગયાં. બીજા દિવસે સવારે યુવતીના ભાઈએ ઊઠતાવેંત કહ્યું, 'બહેન એના પ્રેમી સાથે લગ્ન કરે તે વાતનો હું વિરોધ નહીં કરું.' મિત્રને સમજાયું નહીં કે વીતેલી રાત દરમિયાન એવું તે શું બન્યું કે હિંસાની હદ સુધી બહેનના પ્રેમસંબધનો વિરોધ કરનાર વ્યક્તિ અચાનક પોતાનો વિરોધ સંકેલી લે છે ? જવાબમાં જાણવા મળ્યું, રાતે સૂવા ગયેલા યુવકના હાથમાં 'પ્રિયજન' આવી હતી અને એણે આખી રાતનો ઉજાગરો વેઠીને તે પૂરી વાંચી લીધી હતી."[૪૯]

આમ, અંગતજીવનમાં મોટો વળાંક લેવાના પડાવ ઉપર એક કૃતિના પ્રભાવને કારણે પોતાની દિશા ચિંધાઈ જાય છે અથવા બદલાઈ જાય છે. જીવનના આટલા મોટા નિર્ણયો એક કથા પર આધારિત હોઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ અહીં જોઈ શકાય છે.

લોકપ્રિય કૃતિ કેટલી ઝડપથી લોકો સુધી પહોંચે છે, તેની વાત કરીએ તો હરકિશન મહેતાની કથાઓની લોકપ્રિયતાથી સૌ કોઈ પરિચિત છે. તેમની કથા 'જગ્ગા ડાકુના વેરના વળામણા' એક લોકપ્રિય કૃતિ છે. તે ધારાવાહિકરૂપે પ્રસ્તુત થઈ હતી. કહેવાય છે કે જ્યારે ચિત્રલેખામાં આ કૃતિ પ્રગટ થવાની શરૂઆત થઈ ત્યારે તેનું વેચાણ બે હજાર પાચસો જેટલું હતું. પરંતુ પહેલો હપ્તો પ્રગટ થતાં જ તેનું વેચાણ ત્રણ હજાર ત્રણસો જેટલું પહોંચ્યું હતું. અને કથાની પૂર્ણાહૂતિ સુધીમાં તો ત્રણ હજાર સાતસો નકલ સુધી પહોંચ્યું હતું. અને આ જ તેને માપદંડ ગણાવી શકાય કે એક કથા જેના રેટિંગ આટલા ઝડપથી વધી જાય છે. તો એ કૃતિની ક્ષમતા ટકાવવામાં સર્જકનો કેટલો ફાળો રહ્યો હોય. અને હરકિશન મહેતા તો તેમની વિશેષતાથી પ્રખ્યાત થયા છે. ઘાતકી દૃશ્યો રજૂ કરનાર તેમની

કથાઓમાં ડાકુઓના ઘાતકી અને ક્રૂર રૂપ કરતા વધારે તેમની આંતરિક નાજુકતાનો સ્પર્શ ભાવકને વધુ થાય છે. અને તેનું ઉત્તમ ઉદાહરણ 'પીળા રૂમાલની ગાંઠ' કથાનું મુખ્ય પાત્ર અમીરઅલી છે. લોકપ્રિય સર્જક કથાની ભાષા પણ ગતિશીલ, સરળ અને સ્પષ્ટ રાખવાનો પ્રયત્ન કરે છે. જેથી ભાવક તેનું ગ્રહણ યોગ્ય રીતે કરી શકે છે.

આમ, આંકડાઓ પાર કરવાની રેસ ધીમે ધીમે લોકપ્રિય સાહિત્યને બજારીકરણ સાથે જોડી દે છે. લોકપ્રિય લેખક અને ભાવકનો સંબંધ ઉત્પાદક અને ગ્રાહક જેવો બની જાય છે. એક ગમતી વસ્તુ વેચે છે. સામે કોઈ તેને ખરીદે છે. બજારમાં ચાલતી તેજીના પ્રમાણમાં લોકપ્રિય સર્જકનો આલેખ (ગ્રાફ) નક્કી થાય છે. એટલે લોકરુચિ પ્રમાણે ચાલતા આ ઉદ્યોગમાં કોણ કેટલું લાંબુ ટકે છે તે સર્જકની ગુણવત્તા પર આધારિત છે. કેમકે, જરૂરી નથી કે હરહંમેશ માટે લોકપ્રિય કૃતિનું આયુષ્ય ટૂંકું હોય. ઘણી કૃતિઓએ સમયસિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે. કાળના બદલાતા પ્રવાહો વેઠીને પણ હજૂય ટકી છે. આજેય પૈસા ખર્ચીને પ્રસિદ્ધ અને ઉત્તમ લોકપ્રિય કૃતિઓને ખરીદવા લોકો તૈયાર હોય છે. આમ, લોકપ્રિય સાહિત્યમાં માંગ અને પુઅરવઠા પ્રમાણેના અર્થશાસ્ત્રીય સિદ્ધાંત જોવા મળે છે. પરંતુ બજારીકરણને ધ્યાનમાં રાખનાર સર્જક તુચ્છ પ્રકારના સાહિત્યને જ પ્રસ્તુત કરશે. એમ ન કહી શકાય. જાતીયતાના ખુલ્લા વર્ણનો ભાવકના મનોરંજન માટેનું એક તત્ત્વ છે. અને આમ પણ ફક્ત તેને જ ધ્યાનમાં રાખીને રચાયેલ સાહિત્યની આવરદા અનંતકાળની રહેતી પણ નથી. અલ્પાયુષ્ય ધરાવતું આ સાહિત્ય જેટલી ઝડપથી લોકોને આકર્ષિત કરે છે એટલી જ ઝડપથી પોતાની છાપ ગુમાવે છે. તો કોઈ પણ જાતના અછકલા વર્ણનોથી વિમુખ રહેલી અને શિષ્ટતાના ગુણ ધરાવતી કાજલ ઓઝાની 'કૃષ્ણાયન' આજે પણ બેસ્ટસેલરની સૂચિમાં સમાવિષ્ટ છે. આ ઉપરાંત પણ ચેતન ભગત, અમિતાવ ઘોષ, સ્ટીફનકિંગ, પોલોકોયલો વગેરે જેવા ઘણા લોકોની કૃતિઓએ બેસ્ટસેલરના ટેગને પ્રાપ્ત કર્યું છે. અને ઉત્તમતાના શિખર સુધી પહોંચી શકી છે. સ્ટીફન કિંગની નવલકથાઓનું વેચાણ તો ચાર કરોડના આંકડાને પાર કરી ગયું છે.

જ્હોન ફિસ્કે નામના વિચારક કૃતિમાં સુખનો અનુભવ અનિવાર્ય ગણાવે છે. તે કહે છે, "ઉત્પાદ્ય સુખ – productive pleasure રહિત લોકપ્રિયતાની કલ્પના થઈ શકતી નથી. તેમના મતે જો તમારે બેસ્ટ સેલર બનવું હોય તો તમારી કૃતિમાં સુખનો અનુભવ કરાવનારું તત્ત્વ હોવું ઘટે."[૫૦] આગળ વધેલા આ વાતને થોડો વિસ્તાર આપાતા ફિસ્કે વાચકને મળતા સુખના અનુભવને તેની સ્વતંત્રતા અને મુક્તિનો આધાર ગણાવે છે.

આ ઉપરાંત અંગ્રેજી નવલકથાકારોના નોંધનીય આંકડાઓની વાત કરીએ તો એવા ઘણાં નામ મળી આવે કે જેમનું લોકપ્રિય સાહિત્ય ક્ષેત્રે ઘણું પ્રદાન રહ્યું હોય. “ફ્રેન્ક રિચાડ્ર્ઝ નામના બાળસાહિત્યકારે બિલી બંટર નામના ચરિત્રની રચના કરી (આપણને અહીં હેરી પોટરનું સ્મરણ થવાનું) કહેવાય છે કે રિચાડ્ર્ઝ એક દિવસના ઓછામાં ઓછા ૧૮,૦૦૦ જેટલા શબ્દો લખતા એમનું પ્રકાશિત સાહિત્ય આશરે ૭ કરોડ શબ્દોનું હોવાનું મનાય છે...ડેનિસ રોબિન્સે ૧૭૦ નવલકથાઓ, રૂબી આયર્સને ૧૪૩ નવલકથાઓ, બાર્બરા કોટલેન્ડે ૨૩૦ દળદાર નવલકથાઓ, ઉર્સૂલા બ્લૂમ જેવા ૪૩૦થી વધુ આવી (લોકપ્રિય) નવલકથાઓ આપે છે.”[૫૧]

લોકપ્રિય સર્જકોની ઘણીવાર ઉપેક્ષા કરવામાં આવે છે. તેમના સર્જનની ટીકા કરવામાં આવે છે. પરંતુ ખરેખરો સંઘર્ષ કરીને જે સર્જક કૃતિ તૈયાર કરે છે તે ઉપેક્ષા કે ટીકા સામે ઘણીવાર જવાબ આપવાના પ્રયત્નો કરે છે. આમ તો લોકપ્રિય કૃતિ વાંચવી અને સમજવી સરળ હોય છે. પરંતુ તેનું સર્જન થવામાં શું એટલી જ સરળતા લેખકને પ્રાપ્ત થઈ હશે ? જે કૃતિ ગહન અભ્યાસ પછી રચાઈ હોઈ છે. તે એટલી સરળ હોતી નથી અને તેનું મૂલ્ય પણ બે ટકાનું કે તુચ્છ પ્રકારનું હોતું નથી. કૃતિમાં રહેલી સરળતા પાછળ લેખકની અઢળક મહેનત રહી હોય છે. કેટલીય જટિલ વિચારધારાઓમાંથી પસાર થઈ, વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યની ફેન્ટસીઓને ધ્યાનમાં રાખીને, વાચકોની માનસિકતા સુધી પહોંચીને, સંસ્કૃતિ અને આધુનિકતા બન્નેનો સુમેળ કરીને એક સર્જક સર્જન કરતો હોય છે. સ્થળ-કાળ પ્રમાણેના પાત્રો અને એ પ્રકારનું વાતાવરણ રચતા પહેલા જે-તે જગ્યાએ મુલાકાત અર્થે રખડવું પડે છે. કેમકે સાહિત્ય સાથે જ્યારે ગ્રાહકવાદી વલણ જોડાય છે ત્યારે વાચકોની આશા વધતી જાય છે. વાચકને મનોરંજન કે આનંદ કરાવી શકે તે માટે વાચકના વિચારતંત્રને પારખી તે માટેના ધોરણોનું લેવલ નક્કી કરીને આગળ વધવું પડે છે. ત્યારે ધન, ધર્મ, રાજનીતિ, સંસ્કૃતિની ભેળસેળયુક્ત મસાલેદાર કથા, કે જાસુસી કે ફેન્ટસી પ્રકારની કથા પ્રસ્તુત કરી શકે છે. આવા સર્જકની પણ પોતાની એક સંરચના હોય છે, ભાષા હોય છે, વ્યાકરણ હોય છે. તેમની ઊભી કરેલી આ અલગ સૃષ્ટિમાં ટકી રહેવા માટે તેમને દરરોજ કંઈ નવું વિચારવું પડે છે. જે વાચકની પણ કલ્પનાથી પરે હોય. આ જ વાત લોકપ્રિય સંગીત – Pop music દ્વારા સરળતાથી સમજાય છે. Pop music માં પણ (Pop એટલે કે લોકો) લોકો સાથેનું જોડાણ મહત્ત્વનું રહ્યું છે. ટેક્નોલોજીના પ્રભાવમાં સંગીત ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. હવે જ્યાં જઈએ ત્યાં પોપ સંગીતનું પ્રમાણ પણ વધ્યું છે. Punk rock, ઝાઝ, ઓપ, પોપ અને રેપ સંગીતને યુવાવર્ગે વધાવી લીધું છે. જેમાં પહેલાના લોકોને તો

તેની કોઈ સમજ પણ નથી. આ પ્રકારના સંગીતને પણ લોકપ્રિય સાહિત્યની જેમ હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. પરંતુ વિદ્રોહ સહન કરતા આ કલાકારો તો કરાતી ઉપેક્ષાને પણ શબ્દો આપી ગીતની રચના કરે છે. અત્યંત ભિન્નતા સાથે તેની પ્રસ્તુતિ કરે છે. યો યો હનીસિંહ અને બાદશાહ જેવા રેપરની લોકપ્રિયતા જાણે પડકારે છે કે આ પ્રકારના સંગીતની રચના કરવી કાંઈ સહેલી નથી. તેને સમજવી પણ કંઈ સરળ નથી. તેને વર્ગીકરણના માળખામાં મૂકનારને તે લોકો જાણે ફરજ પાડે છે કે જે અમારી રચના, અમારી કળાને વધાવી ન શકો તો તેને સમજીને તો બતાવો. આ સંગીત પણ તેની અલગ પ્રકારની તાલબદ્ધતામાં રચાયું છે. આમ, લોકપ્રિયતા ભોગવનાર કલાકારો આ પ્રકારની ઉપેક્ષાઓ સામે પડકાર આપી પોતાની કલાનું આગવું મૂલ્ય આંકે છે. કેમકે રોજબરોજના ઘટકો પોતાની દૃષ્ટિએ જોઈ, તેને તપાસીને રોમાંચ કે મનોરંજન કરાવવું ખરેખર સહેલું નથી.

આમ, ટેલિવિઝન, ફિલ્મ ઈન્ડસ્ટ્રી, સંગીતક્ષેત્ર કોઈ પણ સમૂહમાધ્યમ હોય દરેકના પ્રભાવક તત્ત્વો જોઈ શકાય છે. તેનું સાહિત્ય સાથે જોડાણ પણ જોવા મળે છે. સમુહમાધ્યમો અને સાહિત્ય એકબીજાના નિર્માણ માટે અસરકારક માધ્યમ નીવડે છે. તેમાથી ફક્ત નકારાત્મક વલણો તપાસવામાં આવશે, કે તેને પ્રાધાન્ય આપવામાં આવશે તો ક્યાંય સૌંદર્ય કે મનોરંજિત તત્ત્વોનું મૂલ્ય જ નથી રહેતું. અને વાચકો હોય કે વ્યૂઅર્સ, ફોલોઅર્સ હોય તે સર્જક સામે હંમેશા અવનવા અવકાશ ઊભા કરે છે. કેમકે માનવમન સ્વપ્નજગતમાં હંમેશા રાચતું રહે છે. અને હવે તો આ સ્વપ્નજગત સાથે વાસ્તવિકતાને સુમેળ કરાવી સર્જક ઝડપથી ભાવક સુધી પહોંચી રહ્યો છે. કાજલ ઓઝા વૈદ્ય, જય વસાવડા, ધૈવત ત્રિવેદી જેવા અત્યંત લોકપ્રિય સર્જક તો સોશિયલ મિડિયા દ્વારા સીધો સંપર્ક ભાવક સાથે સાધે છે. તેમની કૃતિઓ ઓનલાઈન વંચાય છે. તેના પ્રતિભાવ પણ ગુગલ દ્વારા મળી જાય છે. અહીં પણ ફિસ્કેની Productive Plesure વાળી વાત લાગુ પડે જ છે. રોલાં બાર્થ પણ 'સુખ' અને 'આનંદ' વચ્ચેની વ્યાવર્તકતા દર્શાવે છે. તેમના વિચાર અનુસાર "લોકપ્રિય રચનામાં 'સુખ'નું નિર્માણ એ સામાજિક પ્રક્રિયા છે. એનું વર્ચસ્ હોય છે. 'સુખ'માં સામાજિક ઓળખ ઊભી થાય છે."[૫૨] પરંતુ સુખ હંમેશા અલ્પાયુષ્ય ધરાવે છે. તેમાંય કાલ્પનિક સુખનું આયુષ્ય ક્ષણિક હોય છે. એટલે લોકપ્રિય સર્જક ભાવકને આનંદ કરાવતા વિશિષ્ટ પ્રયોજનને નિરંતર એક વિશિષ્ટતા સાથે રજૂ કરે છે. કહો કે એણે રજૂ કરવું પડે છે. નહિતર 'લોકપ્રિય' સંજ્ઞા તો તરલ છે. અને મોટાભાગની લોકપ્રિય કૃતિઓનું આયુષ્ય લાંબુ હોતું નથી. તેમાં જૂનું ભૂસાતું જાય છે અને નવું આવતું જાય છે. હવે એ નવ્ય વાનગી સર્જક પોતે પીરસી શકે છે કે અન્ય સર્જકને એ મોકો આપે છે. તે સર્જક પર અને તેમને રચેલા

સાહિત્ય પર નિર્ભર છે. કેમકે, નારાયણ વસનજી ઠક્કર, વિઠ્ઠલ પંડ્યા, વિનોદ ભટ્ટ, ભોળાભાઈ પટેલ, રમણલાલ સોની, શ્રીકાન્ટ ત્રિવેદી વગેરે જેવા લેખકોની લોકપ્રિયતા જે તે સમયે ખૂબ પ્રસરી હતી પણ આજે તે ટકી શકી નથી. તેમનામાં પણ જીવનના કોઈ શાશ્વત સત્યોને કે સનાતન મૂલ્યોને કેન્દ્રમાં રાખીને તેને થોડા-ઘણા ટપારીને સાહિત્ય સર્જન કરવાની આવડત સ્થાપિત હતી. કાળગ્રસ્ત થયેલા તેમના સર્જન સામે પ્રિયકાન્ત પરીખ, અશ્વીની ભટ્ટ, હરકિશન મહેતા વગેરે જેવા લેખકોની કૃતિ પર આજે પણ લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય છે. અને આ મુદ્દો તો દરેક પ્રકારના સાહિત્યમાં લાગુ પડે જ છે. એમાં નાવિન્ય જેવું કાંઈ નથી. ઘણું બધુ શિષ્ટ સાહિત્ય પણ એવું છે જ કે જે ખૂણામાં પડી રહ્યું છે. જેની બીજી આવૃતીઓ થઈ નથી. ગ્રંથાલયમાં તેના ફર્મા સુધી સિમીત રહી ગયું છે. ઘણી રચનાઓ એવી પણ રહી છે. જે ઉચ્ચ ભૂમિકા ધરાવતા લોકો કે જ્ઞાનનો વિસ્તાર પટ ધરાવતા લોકોની પણ સમજ બહાર રહ્યું છે. જે વંચાતુ નથી જેને ભાવક મળતા નથી છતાય પોતાની તૃપ્તિ માટે સર્જન કરવાવાળા લેખક પણ જોવા મળે જ છે.

ટૂંકમાં અગાઉ પણ ઉલ્લેખિત થયું છે તેમ, શિષ્ટ અને લોકપ્રિય બન્નેનું પોતાનું આગવું મૂલ્ય છે. બન્ને પ્રકારના સાહિત્ય ભાવક સુધી જીવનની વાસ્તવિકતા સુધી પોતાની આગવી શૈલી દ્વારા પહોંચે છે. બન્નેના સ્વરૂપ ભિન્ન રહ્યાં છે. પરંતુ બન્ને ભાવકના મનની શાંતિ માટે રચાય છે. તેમના સુધી કશુંક પહોંચાડી શકવાની તેમના જીવનને ઓળખી શકવાની ખેવના ધરાવે છે. અને નીતા ભગત કહે છે તેમ ઉચ્ચાવચતા નક્કી કરવી કે એનું ક્રમાંકન કરવું એ આજના સમયમાં લગભગ અશક્ય જેવું બનતું જાય છે. કેમકે એક સમયે લોકપ્રિય ગણાતા શેક્સપિયર, શરદબાબૂ જેવા સર્જકો બીજા યુગમાં શિષ્ટ સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠિત થયાં છે. બાબુ સુથારની કૃતિ 'નિંદ્રાવિયોગ' એબ્સર્ડ હોવા છતા ગુજરાતી એમ. એ. (અનુસ્નાતક)ના અભ્યાસક્રમમાં સ્થાન પામી છે.

આ ઉપરાંત સમય સાપેક્ષ ગણાતી 'લોકપ્રિય' સંજ્ઞા ધરાવતા સાહિત્યમાં મોટાભાગે રહસ્યકથા, ખૂનકથા, પ્રણયકથા, ભયાનક કથા, જાસુસીકથા, રોમાન્સકથા, ભૂતકથા વગેરેનો સમાવેશ થાય છે. જેમાં હત્યા, આત્મહત્યા, મારામારી, ખુલ્લા જાતીયતાના વર્ણનો, બળાત્કાર, પ્રણયત્રિકોણ, પ્રેમવિરહ, પ્રેમ-મિલન, ચોરી, લૂંટફાંટ, કાવતરા, ષડયંત્રો, અપહરણ વગેરે જેવા રોમાંચિત લોકપ્રિય તત્ત્વો જોવા મળે છે. પણ આ તત્ત્વોનો ઉપયોગ કયા હેતુથી કરવામાં આવે છે તે તપાસવું પણ જરૂરી બને છે. બાકી વાસ્તવિક જગતમાં કઈ દૃષ્ટિથી વ્યક્તિની તપાસ સિદ્ધ થશે. તે નક્કી નથી કરી શકાતું. કેમકે ફક્ત શાસ્ત્રીય સંગીતમાં રસ દાખવનારા લોકો પણ હોય છે. અલબત્ બદલાતી જતી પેઢીઓમાં

તેની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય છે. શાસ્ત્રીય સંગીત અને શકીરા, મીકાસિંઘ, હનીસિંઘના સંગીત બન્નેમાં આનંદ માણનારા લોકો પણ છે. વાસ્તવિકતા એ છે કે ઘરમાં જે વડીલ પોતાના પૌત્ર કે પૌત્રીના જાતે પસંદ કરેલા પાત્રનો વિરોધ કરે છે, એ જ વડીલ ધારાવાહિક સિરિયલોમાં નાયક-નાયિકાના મિલન માટેના એપિસોડની આતુરતાથી ઘણા આનંદ સાથે રાહ જોતા હોય છે. સિરિયલમાં નાયક-નાયિકાના પ્રેમને આડે આવતા ઘરના સભ્યો પ્રત્યે તેમને ધૃણા થાય છે. એટલે પોતાનામાં જ એકસાથે અનેક ભાવોને ઉછેરતો તેની સાથે જીવતો ભાવક શું પસંદ કરશે ? કેવા માળખામાં તેને વિભાજિત કરી શકાશે ? તેની ભાવન પદ્ધતિ સર્વજ્ઞ રીતે સાતત્યપૂર્ણ બનશે કે પછી પોતાના વિચારો પૂરતી સિમિત રહેશે ? તેના ઉપર કૃતિના માપદંડો ઘડાતા જાય છે. અને તેના ગ્રાહકતાનાં ધોરણો નક્કી થાય છે. અને પોતાના સુધીનું સિમિત સર્જન જ્યારે વિસ્તારિત જગતમાં ખુલ્લું મુકાય છે ત્યારે તેને પસંદ કરનાર આંકડો કેટલો છે, એની જ ચિંતા કરતો સર્જક ઘણીવાર કહેવાતા કળામૂલ્યોનો હ્રાસ કરવા તૈયાર હોય છે. પરંતુ એથી સાહિત્ય મટી જતુ નથી. શિષ્ટ છે તેમ પોપ્યુલર પણ છે જ. આ એક સત્ય છે. એટલે દરેક વિવેચકો બધી બાજુની બારી ઉઘાડી રાખી પવન વેગને તપાસે. એ રીતે શિષ્ટ હોય કે લોકપ્રિય હોય, ખુલ્લા મને કૃતિને ભેદભાવ વગર તપાસવી આવશ્યક બને છે.

## ૧.૪ : લોકપ્રિય નવલકથાનું સ્વરૂપ

સાહિત્ય ક્ષેત્રે નવલકથાનું સ્વરૂપ મુખ્ય રહ્યું છે. નવલકથાના સ્વરૂપમાં સતત વિકાસ થતો રહ્યો છે. 'નવલકથા' આમેય લોકપ્રિય સાહિત્યપ્રકાર છે. અને એમાંય લોકપ્રિય નવલકથાએ તો તેની અલગ જ ભૂમિકા ઊભી કરી છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જેમ સામાજિક નવલકથા, પૌરાણિક નવલકથા, ઐતિહાસિક નવલકથા, રાજકીય નવલકથા વગેરે પ્રકારની નવલકથાઓ રચાય છે, અને પોતાના વિષયવસ્તુ તથા ખાસિયત પ્રમાણે આપણી સમક્ષ રજૂ થાય છે. એ જ રીતે 'લોકપ્રિય નવલકથા' પણ સાહિત્યમાં નવલકથાનો એક પ્રકાર છે. અને તેની 'સ્વ'ઓળખ છે. અલબત્ ફક્ત શિષ્ટ સાહિત્યમાં રાચનારા તેને અલગ તારવે અથવા અવગણે તો એ એક જુદો મુદ્દો બને છે.

લોકપ્રિય નવલકથાઓમાં રંજનકથા, ડિટેક્ટિવ કથા, ધારાવાહિક કથા, રહસ્યમયકથા, હાસ્યકથા, ફેન્ટસી કથા, વ્યંગ-કટાક્ષની કથા, પ્રણય-રોમાન્સ-ઉત્તેજક કથા, મેલોડ્રામેટિક કથા, સાહસકથા, વિનોદી-કરુણ કથા વગેરે પ્રકારની કથાઓનો સમાવેશ થયો છે. આ દરેક પ્રકાર કે તત્ત્વો માનવીના મન-મગજ, ઇચ્છા તેમજ કલ્પનાઓને સંતોશે છે, પોષે છે. અને તેથી જ 'લોકપ્રિય' બની શકે છે. સામાજિકતા, ઇતિહાસ, રાજનીતિ, વાસ્તવિકતા વગેરે પ્રકારના તત્ત્વો પણ કેટલીક લોકપ્રિય નવલકથામાં સમાવિષ્ટ હોય છે. પરંતુ લેખક તેમા જ પૂરેપૂરો રાંચી જાય તેવું બનતું નથી. રામાયણ – મહાભારત જેવી પૌરાણિક કથાઓ તેમજ તેના પાત્રો લોકપ્રિય છે. અથવા તો કોઈ ઐતિહાસિક ઘટના કે ઈતિહાસના લોકપ્રિય રાજાના જીવનની કથા હોય. તો તેનો ઉપયોગ પણ લોકપ્રિય લેખકો ઘણીવાર કરતા હોય છે. પરંતુ ફક્ત વાસ્તવિકતા દર્શાવીને નહિ, કલ્પનાને આધારે મનુષ્યના મનની ઝંખનાને આધારે તે લોકો સમક્ષ તેને રજૂ કરે છે. જેમકે, કૃષ્ણ એક ઐતિહાસિક, લોકપ્રિય ભગવાન અને મનુષ્ય બંને છે. તેના જીવનની કથા મૂળ મહાભારતની કથા કરતાં ઘણીવાર જુદી-જુદી રીતે સામે આવી છે. આ રીતે 'લોકપ્રિય' નવલકથામાં લેખક એવા પ્રકારનાં તત્ત્વો નિરૂપે છે, કે આખરે તે અન્ય નવલકથાઓ કરતા જુદી તરી આવે છે.

લોકપ્રિય નવલકથાઓમાં કેટલાક પ્રકારોની વાત કરીએ તો જાસુસી (Detective) નવલકથા ખૂબ વંચાતો પ્રકાર છે. જાસુસી નવલકથામાં સનસનાટીભર્યા આલેખન જોવા મળે છે. તેમાં ખૂન -

આત્મહત્યા જેવી ઘટનાઓ વધુ પ્રમાણમાં હોય છે. અચાનક કોઈ ખૂન, તેની પાછળ પણ રહસ્ય અને ખૂનના ગુનેગારને સામે લાવવાની મથામણ વગેરે જેવી પ્રક્રિયા વાચકમાં તીવ્ર રસ જગાડે છે. આ પ્રકારની નવલકથામાં રહસ્ય હોવાને કારણે કૂતુહલ અને જિજ્ઞાસા જાગે છે, અને ગુનેગાર કે ગુનાની શોધ વાચકની બુદ્ધિને કષ્ટ આપે છે.

'જાસુસી નવલકથા' માટે હંમેશાં બે મત જોવા મળે છે. કોઈ કહે છે, આ પ્રકારની કથાઓ વ્યર્થ છે, સમય વેડફવાનું સાધન છે. પરંતુ કેટલાક માટે જાસુસી નવલકથા મગજ કસવા માટેનું સાધન છે. જે વ્યક્તિનું મગજ હંમેશા કાર્યરત રહેવા ટેવાયેલું હોય તે વ્યક્તિ નવરાશની પળોમાં પણ મગજ પાસે કામ કરાવવા જ ઈચ્છતો હોય. આ પ્રકારના લોકો તો જાસુસી નવલકથાઓમાં રસ ધરાવે જ છે, પરંતુ સાવ નવરાશની પળોનો આનંદ લેતા વ્યક્તિઓ પણ આ પ્રકારની નવલકથાઓમાં રસ દાખવે છે. જાસુસી નવલકથાને એક વ્યસન સાથે સાંકળતા ડૉ. ભરત ઠાકર કહે છે, કે "જેમ એને (વ્યક્તિને) સિગારેટ પીધા વિના ચેન પડતું નથી. તેમ એને (વાચકને) ડિટેક્ટિવ નવલકથા વાંચ્યા વિના ચેન પડતું નથી. અંગ્રેજી નવલકથા સાહિત્યના ઇતિહાસમાં ડિટેક્ટિવ નવલકથાના સર્જક તરીકે એડગર એલન પો અને આર્થર કોનન ડોઈલનાં નામો ઘણાં જાણીતા છે. કોનન ડોઈલને માટે તો એમ કહેવાય છે કે એના પાત્ર શેરલોક હોમ્સને એટલી બધી ખ્યાતિ મળી કે જનતા હોમ્સને ઓળખતી થઈ અને એના સર્જક ને ભૂલી ગઈ. આથી ડોઈલને ઈર્ષ્યા થઈ અને હોમ્સને એણે તોડી નાંખ્યો. ગુનાના વસ્તુની અટપટી ગૂંથણી કરીને કોનન ડોઈલે આ પ્રકારની નવલકથામાં હાસ્ય, સહજ બુદ્ધિ અને વાસ્તવિકતા પુષ્કળ પ્રમાણમાં આણ્યાં."[૫૩]

આમ, કોનન ડોઈલ અલગ રીતે ગૂંચવાડા ઊભા કરી ચતુરાઈથી પોતાનો પ્રભાવ વાચક ઉપર દાખવી શક્યો છે. આ રીતે જાસુસી નવલકથાઓ (Detective Novels) વાસ્તવિકતાથી દૂર જઈને પણ ઘણીવાર નજીક પહોંચી જાય છે. અને સનસનાટી ઉત્પન્ન કરી વાચકને જકડી રાખે છે, તથા રસપ્રધાનતા કેળવી શકે છે.

લોકપ્રિય નવલકથાઓમાં સાહસકથાત્મક નવલકથાઓનો પણ સમાવેશ થાય છે. કહેવાય છે કે આ પ્રકારની નવલકથાઓ સ્પેનમાં લખાવવાની શરૂ થઈ હતી. શરૂઆતમાં સ્પેનમાં વીરગાથાઓ અને કાલ્પનિક વિષય-વસ્તુઓવાળી કૃતિ રચાતી. આ પ્રકારની નવલકથાઓમાં ઘણીવાર ઇતિહાસને જોઈ પ્રેરણા લીધી હોય છે, તો ઘણીવાર વર્તમાન પરિસ્થિતિ અનુકૂળ સાહસી પ્રસંગો ખેડવામાં આવે છે.

અલબત્ત કેટલીકવાર સાવ કાલ્પનિક રીતે પણ કથા યોજાઈ હોય છે. અહીં નાયક અથવા તો જે-તે પાત્રનું સાહસ કેન્દ્રસ્થાને હોય છે. તેથી પાત્ર દ્વારા ખેડવામાં આવેલું સાહસ વાચકને અચંબિત કરાવે તેવા પ્રયત્નો હંમેશા લેખકના હોય છે.

ફૅન્ટસી (fantasy) કૃતિ તરફના વળાંક પહેલાના વાતાવરણને દર્શિત કરીએ તો "જહોન હોક્સ જેવાએ ૧૯૬૫માં જાહેર કર્યું કે, નવલકથાનાં સાચા શત્રુ તો સંકલના, ચરિત્રચિત્રણ, વાતાવરણ અને વસ્તુ છે."[૫૪] આ માનસિકતા સાતમા દાયકામાં ઘણા અમેરિકન નવલકથાકારોની હતી. ત્યારપછી આ પ્રકારની કૃતિ તરફનો ઝુકાવ વધ્યો. એક કાલ્પનિક વાસ્તવિકતાનું નિર્માણ થયું. અસલ વાસ્તવથી અળગા રહી લેખકે એક સ્વપ્નજગત રચ્યું. પરીકથાઓ, ચમત્કારિક કથાઓ, ભૂત-પ્રેત વિષયક કથાઓએ જોર પકડ્યું. અને લોકોને આનંદ કરાવવામાં સફળ રહી. ગુજરાતી ભાષાની પહેલી નવલકથા નંદશંકરકૃત 'કરણઘેલો'માં ભૂત-પ્રેતના પ્રસંગો ઉલ્લેખિત છે. અને વરદાન તથા શાપ-અભિશાપને કારણે રચાતી ઘટનાઓ તો ઘણી બધી નવલકથાઓમાં પ્રસ્થાપિત છે. અહીં અભ્યાસકીય નવલકથાઓમાંની જ એક કૃષ્ણાયનમાં તે જોઈ શકાય છે. જેનો સંબંધ ઇતિહાસ સાથે પણ જોડાયેલ છે.

મેલોડ્રામેટિક નવલકથાઓમાં પણ સ્વપ્નજગત સંકળાયેલું છે. આમ જોવા જઈએ તો મેલોડ્રામાનો સંબંધ પણ ફૅન્ટસી સાથે છે. માઇકલ બુથ કહે છે કે, "મેલોડ્રામા એ સ્વપ્નસેવી માનવ દ્વારા રચાયેલું એક સ્વપ્નિલ જગત છે. પ્રેક્ષકો માટે જે સ્વપ્નમાં જ શક્ય બને એવી ઇચ્છાપૂર્તિ કરતો આનંદ એ સહજ બનાવે છે. એમાં વાસ્તવ જગતનું સ્પષ્ટીકરણ તેમજ આદર્શીકરણ જોવા મળે છે. એ એક એવું જગત બની રહે છે જે જગત પ્રેક્ષકને અદમ્ય ઈચ્છા પ્રાપ્ત થતું નથી. આ જ હકીકતને મનોવિશ્લેષણાત્મક વધુ વૈજ્ઞાનિક સમર્થનો પણ મળી આવે છે."[૫૫] આમ મેલોડ્રામા - ફૅન્ટસીની અસર લોકો પર તરત પરિણામસ્વરૂપે નીવડે છે. ખાસ કરીને રોજિંદા જીવનમાં કંટાળેલા અને અવનવી ચિંતાઓથી ઘેરાયેલા લોકોના મનને પંપાળવાનું કામ મેલોડ્રામા કરે છે.

લોકપ્રિય નવલકથાઓમાં 'ધારાવાહી' પદ્ધતિનો પણ ફાળો રહેલો છે. ઘણી બધી 'ધારાવાહી નવલકથાઓ' લોકપ્રિય બની છે. અલબત્ત લેખકનો આશય પણ એ જ હોય છે કે લોકો તેમની કથાને પસંદ કરે. જો કે કોઈપણ કૃતિને - કળાકૃતિ તરીકે મૂલવવાની દૃષ્ટિએ પછીથી 'શિષ્ટ' અને 'લોકપ્રિય'ના માળખામાં બંધબેસતી કરી. ધારાવાહી નવલકથા ટુકડે ટુકડે કે હપ્તે હપ્તે સામાયિક

અથવા તો અખબાર (છાપા)માં પ્રગટ થાય છે. ઘણીવાર થોડા જ અંકો પછી કથા એટલી પ્રચલિત બની જાય છે કે પછી લેખકના મન મુજબ નહીં, વાચકો પત્ર દ્વારા તેમની ઈચ્છા મુજબ લેખક પાસે કામ કરાવે છે. ટેકનોલોજી વિકસતા આ જ કામ હવે સ્માર્ટફોન દ્વારા પણ થઈ રહ્યું છે, અને ધારાવાહી નવલકથાઓનું પ્રમાણ ઘટ્યું છે.

ધારાવાહી નવલકથામાં હંમેશા કોઈક રોમાંચક અને ધ્યાનાકર્ષક કથા રજૂ કરવાનો આશય જોવા મળે છે. પ્રત્યેક પ્રકરણના અંતે વાચકને નવું પ્રકરણ વાંચવાની તાલાવેલી જગાડે એવી કોઈ ઘટના કે રહસ્ય મુકાય છે. જેથી ટી.વી. સિરીયલની જેમ વાચકો કથાના બીજા પ્રકરણની રાહ જોઈને બેસે છે. ધારાવહી નવલકથાનું કથાવસ્તુ આકસ્મિક, રોમાંચક અને સંઘર્ષ, પ્રણય, ફિલસૂફી તથા ભેદભરમના તત્ત્વોથી રચાયેલ હોય છે. અશ્વિની ભટ્ટકૃત 'આશકા માંડલ' એક ગુજરાતી થ્રિલર (Gujarati Thriller) તરીકે ઓળખાય છે. મોહમ્મદ માંકડ, ચંદ્રકાંત બક્ષી, હરકિશન મહેતા, હસુ યાજ્ઞિક વગેરેની ઘણીખરી ધારાવાહી નવલકથામાં Thrillerનું તત્ત્વ વધતા-ઓછા પ્રમાણમાં જોઈ જ શકાય છે. આમ, સાહિત્યક્ષેત્રે 'ધારાવાહી' પ્રકારનું પ્રદાન છે એમ પણ કહી શકાય. કેમકે 'ધારાવાહી નવલકથા' પ્રજા અને સાહિત્ય વચ્ચેનો સેતુ બને છે. જેને કારણે વાચકોમાં સાહિત્યનો રસ જળવાઈ રહે છે.

## <u>લોકપ્રિય નવલકથાનાં ઘટકતત્ત્વો :</u>

નવલકથાના ઘટકતત્ત્વોની સ્પષ્ટતા કરીએ તો શિષ્ટ નવલકથા હોય કે લોકપ્રિય નવલકથા હોય, કથાવસ્તુ, પાત્રાલેખન, વર્ણન, ભાષાશૈલી વગેરે જેવા સામાન્ય નિર્ધારિત તત્ત્વો તો કથામાં નિરૂપિત હોય જ છે. પરંતુ લોકપ્રિય નવલકથા કયા તત્ત્વોને આધારે તે જુદી તરી આવે છે ? તો લોકપ્રિય નવલકથામાં ષડયંત્ર, રહસ્ય, ખૂન-આત્મહત્યા, ચોરી, બળાત્કાર, લૂંટફાટ, મારામારી (એક્શન સીન) વગેરે જેવા અસામાજિક તત્ત્વો જે સનસનાટી ઊભી કરે છે. રોમેન્ટિક વર્ણનો કે ઉત્તેજક ઘટનાઓ જે ભાવકને મનોરંજન કરાવે છે. ગલગલિયાં કરાવી જકડી રાખે છે. રહસ્યો કે ઘટનામાં અચાનક વળાંક - આગળ શું થશે ? તેવી તાલાવેલી જગાડે છે. જેથી કૂતુહલ અને જિજ્ઞાસા

ઊભી થાય છે. આમ, ભાવકને કંટાળો ન આવે તેનું ધ્યાન રાખે એવા તત્ત્વો નિરૂપી એક અલગ ખેંચાણની પ્રયુક્તિઓ લોકપ્રિય નવલકથામાં જોવા મળે છે.

## રોમાન્સ :

નવલકથામાં રોમાન્સની વાત કરીએ તો રોમાન્સના વર્ણનોની સંભવિતતા સર્જક નક્કી કરે છે. જો એને કળાકૃતિ કે શિષ્ટતાની દૃષ્ટિએ તપાસીએ તો તેમાં વિચિત્રતા દેખાય છે. પરંતુ બુદ્ધિમતાને બાજુ પર મૂકીને ફક્ત મનોરંજક ઘટક દ્વારા જોવામાં આવે તો જ તેમાં સંપૂર્ણ તલ્લીનતા કેળવીને આનંદ પામી શકાય છે. અને સર્જક પણ ભાવક પાસે આ જ અપેક્ષા રાખે છે. છતાંય શિષ્ટતાના ધોરણે તેને કેટલીકવાર અલગ રીતે જોવાય છે. જોકે તેની લોકપ્રિય સર્જક પરવા કરતો નથી. કેમકે, રોમાન્સ માનવીના મનને શાતા આપે છે. અને એનું ખેંચાણ ભાવકને તત્પર રાખે છે. આમ ઉત્તેજક કથાઓમાં રોમાન્સનું તત્ત્વ લોકપ્રિય રહ્યું છે. પ્રેમ અને પરાક્રમની, શૌર્ય અને સાહસની ભેદભરમની, શરીરમાં ધ્રુજારી છૂટી જાય તેવી ભયાનકતા તથા થડકારો ચૂકી જવાય તેવી ઘાતક કથાઓનો પણ ઉત્તેજક કથામાં સમાવેશ કરી શકાય. જે વાચકને અવનવા વિસ્મય અને સનસનાટીના ખેલ તથા ચમત્કારિક કે અણધાર્યા અંતની લાલસા જગાડે છે.

## વ્યંગ અને કટાક્ષ :

લોકપ્રિય નવલકથામાં ઘણી વાર વ્યંગ અને કટાક્ષ જોવા મળે છે. અને એ જે-તે સમયના સમાજ - સમય પર આધારિત હોય છે. કટાક્ષની પાછળનો મૂળ હેતુ મોટેભાગે સમાજની વાસ્તવિકતાને છતી કરવાનો હોય છે. સમાજમાં પ્રસ્થાપિત દૂષણો, દુર્ગુણો, અસામાજિક તત્ત્વો કે પછી દેશમાં ચાલતી રાજનીતિ, અર્થતંત્ર વ્યવસ્થા વગેરે જેવા મુદ્દાઓ પર હાસ્ય, વ્યંગ, કટાક્ષ દ્વારા પ્રહાર કરવામાં આવે છે. ત્યારે આવા વલણોથી કંટાળેલો અને ત્રાહિત વાચક એક જાતની આંતરિક ખુશી અનુભવે છે.

## કરુણતા અને સંઘર્ષ :

લોકપ્રિય નવલકથામાં સંઘર્ષ અને કરુણાના આ બે તત્ત્વો મોટેભાગે પરસ્પર સંકળાયેલા જોવા મળે છે. ઘણીવાર પાત્રના જીવનદર્શનમાં ખૂબ સંઘર્ષમય જીવન નિરૂપિત હોય છે. આ સંઘર્ષમાંથી કરુણતાના ભાવ પ્રગટ થાય છે. અને ઘણીવાર જે-તે પાત્રનું આખુંય જીવન કરુણ દર્શાવાયું હોય છે. અને આ કરૂણતા પાત્રને સંઘર્ષ સુધી લઇ જાય છે. મનુષ્ય (વાચક) પાત્રમાં સમસંવેદનની ભાવનાથી જોડાય છે. વાચકના જીવનની અને પાત્રના જીવનની ઘટના મળતી આવતી હોય તો વાચક તેની સાથે લાગણીમય બની એક જુદી ભાવનાથી જોડાય છે. જેનાથી કૃતિની કથા અને વાચક એક-મેક સાથે ભળી નવોન્મેષ જગાવે છે. કેટલીકવાર તો કથામાં કરુણતાનું સ્તર એવા ભાવ સાથે પ્રગટ થાય છે કે વાચકના જીવનમાં ભલે ઘટના સાથે કોઈ સરખામણી ન હોય, તેની આંખમાં પાણી આવ્યા વગર રહેતું નથી. 'પીળાં રૂમાલની ગાંઠ' નવલકથામાં ઠગોના શિકાર બનેલા પ્રવાસીઓની વેદનાથી ઉત્પન થતી કરુણતા હોય, 'કૃષ્ણાયન' કથામાં પ્રેમ-વિરહની વેદના અને કૃષ્ણના મૃત્યુ સમયની પીડાથી ઉદ્દભવિત કરુણતા હોય કે પછી, 'મીરાંની રહી મહેક' કથામાં લેખક અને તેમની પત્નીનો જીવલેણ રોગ સામેના સંઘર્ષથી ઉદ્દભવિત કરુણતા હોય, વાચક તેને અનુભવે છે. તેના જીવન સમકક્ષ કશું જ ન હોય તો પણ એ વેદના - કરુણતા તેના માનવસહજ મનના કારણે સ્પર્શી જાય છે. આ રીતે ભાવક ભાવુક થઈને પણ કથા સાથે જોડાયેલ રહે તેવા સર્જક પ્રયત્નો કરે છે.

## વર્ણન અને ભાષા :

આ ઉપરાંત નવલકથામાં વર્ણન અને ભાષા સામાન્ય ઘટકતત્ત્વો તરીકે જોવા મળે છે. પરંતુ લોકપ્રિય નવલકથામાં વર્ણન વિસ્તૃત રીતે થાય છે. સ્થળ, સમય, વસ્તુ, પાત્ર, ભાવ, વાતાવરણ આ બધું જ વિગતે અને વિસ્તૃત રીતે આલેખાયું હોય છે. કોઈપણ ઘટનાનું દૃશ્ય પણ એવી રીતે આલેખાય છે, કે ભાવકની આંખ સામે તે ભજવાય છે. લેખક નિરૂપિત જે-તે સ્થળ કે સમયમાં ભાવકને લઈ જઈ તેનાથી તેને રૂબરૂ કરાવે છે. અને લોકપ્રિય નવલકથાની ભાષા પણ સીધી - સાદી - સરળ તથા સહજ હોય છે. જે સામાન્ય કક્ષાના વ્યક્તિ પણ સમજી શકે છે. રોજિંદા જીવનમાં વપરાતા અન્ય ભાષાના શબ્દો તથા જે તે પ્રદેશની બોલીનો પણ તેમાં ઉપયોગ કરવામાં આવે છે. જેથી જીવનની અસલ

વાસ્તવિકતા ભાવક અનુભવી શકે છે. આમ, નીતિન મહેતા કહે છે તેમ, "સીધાંસાદાં વાક્યોમાં માંડીને વાર્તા કહેવી. કલ્પન - પ્રતીકની જટાજાળમાં વાચકને ગૂંચવવો નહીં. વાચકને જિજ્ઞાસારસની જાળવણી સાથે વાચનમાં ભાગ્યે જ બૌદ્ધિક શ્રમ કરવો પડે એવી તકેદારી રાખવી અને છતાં શિષ્ટ સાહિત્યનાં કેટલાંક લક્ષણોનો આધાર લઈ પોતાની રચનાનો ગૂંફ રચવો એ લોકપ્રિય સાહિત્યના કર્તાને વધારે અનુકૂળ આવે છે."[૫૬] ઉપરાંત જે લોકપ્રિય નવલકથાઓમાં મુખ્ય કથા કરતા ફક્ત નિમ્ન કક્ષાના સંવાદો કે વર્ણનો દ્વારા ભાવકને આકાર્ષિત કરવામાં આવે છે તે કથાકૃતિ સમયાંતરે વિસરાઈ જાય છે. એટલે કે કોઈપણ પ્રકારના સાહિત્યિક ગુણો વગરની કૃતિ આમ પણ અભ્યાસકીય ક્ષેત્રોમાં તો ઠીક, વાચકને પણ વધુ સમય સ્મરણમાં રહેતી નથી.

Popular novel : "A loose term for a novel which has a wide readership; it often carries slightly pejorative connotations which suggest a middle-or low-brow 'audience' and imply that such a novel may not possess much literary merit."[૫૭]

અનુવાદ - લોકપ્રિય નવલકથા : નવલકથા માટે છૂટથી વપરાતો શબ્દ, કે જે નવલકથાના વાચકો વધુ હોય તેમજ મુખ્યાર્થ સિવાય શબ્દ વધુ હોય, કોઈ મધ્ય કે નિમ્ન એવા અર્થો વાચકોને સૂચિત કરતા હોય આવી નવલકથાઓ વધુ સાહિત્યિક ગુણ ધરાવતી હોતી નથી.

લોકપ્રિય નવલકથામાં આ રીતે સપાટ, સરળતા અને સાહજિક પ્રગટતા જોવા મળે છે. શિષ્ટ નવલકથા અને લોકપ્રિય નવલકથા બંને સાહિત્યના જ કથા-પ્રકાર છે. પરંતુ તેમના કેટલાંક જુદા તરી આવતા લક્ષણો અને તત્ત્વોને કારણે વર્ગીકરણની પ્રક્રિયામાં આ પ્રકારો મુકાયા છે. જોકે, વર્ગીકરણમાં પણ સમય પ્રમાણે બદલાતી જતી માનસિકતા અને વ્યવસ્થા પ્રમાણે ફેરફાર જોવા મળે છે. આમ, જેમ જેમ કથામાં નવા ઉન્મેષ પ્રગટશે તેમ તેમ લોકપ્રિય કથાઓના તત્ત્વોમાં પણ આછા પરિવર્તન થતાં રહેશે, અને તેના સ્વરૂપમાં પણ પરિવર્તન આવતું રહેશે.

## પાદટીપ :

૧. 'બૃહદ ગુજરાતી કોશ : ખંડ – ૨', પદ્મશ્રી અધ્યા, કેશવરામ કા. શાસ્ત્રી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૬, પૃ. ૧૯૯૧

૨. 'સાર્થ ગુજરાતી જોડણીકોશ', ગુજરાત વિદ્યાપીઠ, પુરવણી સહિતનું નવમું પુનર્મુદ્રણ, ૨૦૧૨, પૃ.

૩. 'ભગવદ્ગોમંડલ : ભાગ – ૮', ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પુનર્મુદ્રણ, ૧૯૮૬, પૃ. ૭૬૨૯

૪. 'મોટો કોશ', રતિલાલ સા. નાયક, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, પાંચમી. આ. નવે., ૨૦૦૧, પૃ. ૪૭૪

૫. 'हिन्दी साहित्य ज्ञानकोश : खंड-6', शंभुनाथ, भारतीय भाषा परिषद प्रकाशन, नयी दिल्ली, 2019, पृ. 727

૬. 'हिन्दी शब्द सागर : भाग-8', श्यामसुंदरदास, नागरी मुद्रणा, 1971, पृ. 1671

૭. 'हिन्दी साहित्य ज्ञानकोश : खंड-6', शंभुनाथ, भारतीय भाषा परिषद प्रकाशन, नयी दिल्ली, 2019, पृ. 3385

૮. 'Oxford American Dictionary', Eugene Ehrlich, and Other, New York, Oxford University Press, 1980, p. 518

૯. એજન, પૃ. ૫૧૮

૧૦. 'Webster Dictionary', Volume II, J. G. Ferguson Publishing Company, Chicago, 1996, p. 983

૧૧. 'The Oxford Reference Dictionary', Edited by Joyce M. Hawkins, Oxford University Press, 1993, p. 649

૧૨. 'The New Shorter Oxford English Dictionary, Volume-2, Edited by Hesley Brown, Oxford University Press, 1993, p. 2292

૧૩. એજન, પૃ. ૨૨૯૩

૧૪. એજન, પૃ. ૨૨૯૩

૧૫. 'The World Book Dictionary', Volume II, Edited by Robert K. Barnhart, World Book, Inc., Chicago, 1996, p. 1622

૧૬. એજન, પૃ. ૧૬૨૨

૧૭. એજન, પૃ. ૧૬૨૨

૧૮. 'New Practical Standard Dictionary', Charles Earle Funk, Funk & Wagnalls Company, New York, 1956, p. 1020

૧૯. 'A Glossary of Contemporary Literature Theory', Jeremy Hawthorn, Heritage Publishers, New Delhi, Fourth Edition, 2011, p. 268

૨૦. 'A Handbook to Literature', William Harmon, William Flint Thrall, Addison Hibbard, and C. Hugh Holman, 2006 p. 405

૨૧. એજન, પૃ. ૪૦૬
૨૨. 'ભગવદ્ગોમંડલ : ભાગ – ૮', ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પુનર્મુદ્રણ, ૧૯૮૬, પૃ. ૭૮૨૯
૨૩. 'સાંસ્કૃતિક વિવેચન-કોશ', અનુ. શાલિની ટોપીવાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૩, પૃ. ૧૩૭
૨૪. 'કથાકલ્પની કથા', મહીપતસિંહ રાઓલજી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૫, પૃ. ૧૨૦
૨૫. 'ફિનોમિનોલોજીકલ ભાષાવિજ્ઞાન અને લોકપ્રિય સાહિત્ય', અરુણ અડાલજા, 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', જાન્યુ.-માર્ચ, ૧૯૮૨, પૃ. ૧૮
૨૬. 'લોકપ્રિયતા એ ગાળ છે તો પણ', વિનોદ ભટ્ટ, 'પરબ', રમેશ ર. દવે, ડિસે., ૨૦૦૨, પૃ. ૨૩
૨૭. 'શ્રૃણ્વન્તુ : સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ', સુરેશ જોષી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૫૭
૨૮. 'નવલકથા : સ્વરૂપ અને વૈવિધ્ય', શિરીષ પંચાલ, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. જુલાઈ, ૨૦૧૪, પૃ. ૨૫૪
૨૯. 'નિરંતર', નીતિન મહેતા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર. આ., ફેબ્રુ., ૨૦૦૭, પૃ. ૧૪
૩૦. 'સાહિત્ય અને લોકપ્રિયતા', તન્વી શુક્લ, નરેશ શુક્લ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૦૯
૩૧. એજન, પૃ. ૦૯
૩૨. 'ગુજરાતી નવલકથા', રઘુવીર ચૌધરી, રાધેશ્યામ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ત્રી. આ. ૧૯૯૧, પૃ. ૪૬૯
૩૩. 'નિરંતર', નીતિન મહેતા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર. આ., ફેબ્રુ., ૨૦૦૭, પૃ. ૧૩
૩૪. એજન, પૃ. ૧૮
૩૫. 'અધીત', સં. નરેશ વાઘેલા, અને અન્ય, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. માર્ચ, ૨૦૧૮, પૃ. ૦૪
૩૬. એજન, પૃ. ૦૮
૩૭. એજન, પૃ. ૦૭
૩૮. 'સાંસ્કૃતિક વિવેચન કોશ', અનુવાદ-શાલિની ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૩, પૃ. ૧૩૬
૩૯. 'પરબ', સં. રમેશ ર. દવે, પૃ. ૨૩
૪૦. એજન, પૃ. ૨૫
૪૧. 'અધીત', નરેશ વાઘેલા અને અન્ય, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૦૨
૪૨. 'નિરંતર', નીતિન મહેતા, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૭, પૃ. ૧૩
૪૩. 'અધીત', નરેશ વાઘેલા અને અન્ય, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૦૨

૪૪. એજન, પૃ. ૨૦

૪૫. એજન, પૃ. ૧૧

૪૬. એજન, પૃ. ૦૮

૪૭. 'ઓથાર : ભાગ-1', અશ્વિની ભટ્ટ, સાર્થક પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૪, પૃ. ૧૧

૪૮. 'ગુજરાતી નવલકથા', રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ત્રી. આ. ૧૯૯૧, પૃ. ૦૭

૪૯. 'પ્રિયજન', વિનેશ અંતાણી, આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૩, પૃ. ૦૭

૫૦. 'અધીત', નરેશ વાઘેલા અને અન્ય, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, પૃ. ૦૭

૫૧. એજન, પૃ. ૦૯

૫૨. એજન, પૃ. ૦૭

૫૩. 'નવલકથા : શિલ્પ અને સર્જન', ભરત ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૯, પૃ. ૫૬

૫૪. 'નવલકથા : સ્વરૂપ', પ્રવીણ દરજી, ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, દ્વિ. આ. ૧૯૯૭, પૃ. ૭૮

૫૫. 'મેલોડ્રામાની રૂપરચના', ભરત નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ફેબ્રુ., ૧૯૯૩, પૃ. ૨૯

૫૬. 'નિરંતર', નીતિન મહેતા, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્ર. આ. ફેબ્રુ., ૨૦૦૭, પૃ. ૩૨

૫૭. 'Dictionary of Literary Term', N. R. Pathak, Vishvabharati Publications, New Delhi. Reprint Edition, 2009, p. 216